# નવગુજરાત ટાઈમ્સ

**Early Morning Daily of South Gujarat**

■ તંત્રી - મુદ્રક - -કાશક : ગણેશ પી.સાવંત | ૦૯-૦૪-૨૦૨૫ બુધવાર | પાનાં ૮ કિંમત રૂા ૨.૦૦

■ માલિક, મુદ્રણ અને પ્રકાશન સ્થળ : શ્રી સાંઈ પ્રકાશન, એફ ૧ થી ૬, સંકલ્પ શોપીંગ સેન્ટર, ભટાર ટેનામેન્ટ સામે, ભટાર રોડ, સુરત. ફેક્સ નં.(૦૨૬૧) ૨૨૬૪૮૪૯ ■ ઈમેલ :- navgujarat2002@ yahoo.co.in

■ સળંગ વર્ષ : ૩૩ ‡ અંક : ૧૨૦ ‡ વિક્રમ સંવત ૨૦૮૧ ચૈત્ર સુદ બારસ ■ REGD. NO.: SRT-182 / 2006-2008 ■ RNI NO. - 54951 / 93


ટ્રેડ વૉરઃ ટ્રમ્પની ચીનને ધમકી

# ૨૪ કલાકમાં નિર્ણય લો, નહીંતર ૫૦ ટકા ટેરિફ નાંખીશ : ડોનાલ્ડ ટ્રમ્પ

## ટ્રમ્પે જણાવ્યું હતું કે ચીને વળતી કાર્યવાહી ન કરવાની ચેતવણીની અવગણના કરતા ટેરિફમાં ૩૪ ટકા વધારો કર્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
વૉશિંગ્ટન, તા.૮

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનને ચેતવણી આપી છે કે જો ચીન તેમના પરનો ૩૪ ટકા ટેરિફ ૮ એપ્રિલ ૨૦૨૫ સુધીમાં પડતો નહીં મૂકે તો તેઓ તેના પર બીજો ૫૦ ટકા ટેરિફ લાદશે, એમ ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પ્લેટફોર્મ પર જણાવ્યું હતું. ચીને ગઈકાલ અમેરિકા પર ૩૪ ટકા ટેરિફ લાદ્યો હતો. અમેરિકાએ લાદેલા ૩૪ ટકા ટેરિફના જવાબમાં ચીને આ ટેરિફ લાદ્યો હતો. તેમણે ઉમેર્યુ હતું કે જો ચીન અમેરિકા પરનો ૩૪ ટકા ટેરિફ નહીં પરત ખેંચે તો તેઓ ચીન પર બીજો ૫૦ ટકા ટેરિફ લગાવશે. તેનો અમલ પણ નવમી એપ્રિલથી થશે. ટ્રમ્પે તેની સાથે ચીન સાથે બધા જ પ્રકારની મંત્રણા પડતી મૂકવાની ધમકી પણ આપી હતી. તેના પછી ટેરિફથી લઈ કોઈ મુદ્દે



અમેરિકા સાથે વાતચીત શક્ય નહીં બને. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે વૈશ્વિક બજારોમાં ભારે ઘટાડા છતાં અમેરિકામાં કોઈ મોંઘવારી નથી. તેમણે તેમના વર્તમાન નિર્ણય માટે અગાઉના અમેરિકન પ્રમુખોને દોષિત ઠેરવ્યા હતા. ટ્રમ્પે જણાવ્યું હતું કે અગાઉના પ્રમુખોની નીતિઓના લીધે ચીન જેવા દેશને અમેરિકાનો ફાયદો ઉઠાવવાની તક મળી. વિશ્વભરમાં આવેલી મંદી અંગે જણાવ્યું હતું કે તેલનો ભાવ ઘટયો છે, વ્યાજદરો ઘટયા છે.આની સાથે તેમણે ફેડ રિઝર્વએ હવે વ્યાજદરમાં ઘટાડો કરવો જોઈએ તેમ જણાવ્યું હતું. તેણે જણાવ્યું હતું કે ખાદ્યપદાર્થોની કિંમત ઘટી ગઈ છે. ફુગાવો તો છે જ નહીં. લાંબા સમયથી આર્થિક દુર્વ્યવહારનો શિકાર અમેરિકા પહેલેથી લાગુ કરવામાં આવેલા ટેરિફનો દૂરુપયોગ કરવાવાળા દેશો પાસેથી દર સપ્તાહે અબજો ડોલર ઉસેટી રહ્યું છે.ટ્રમ્પે જણાવ્યું હતું કે ચીને વળતી કાર્યવાહી ન કરવાની ચેતવણીની અવગણના કરતા ટેરિફમાં ૩૪ ટકા વધારો કર્યો છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે પહેલાથી જ લાગુ કરવામાં આવેલા ટેરિફના લીધે દરરોજે અબજો ડોલરની આવક થઈ રહી છે. ટેરિફના મોરચે સૌથી વધારે દુર્વ્યવહાર કરનારા દેશ ચીને મારી ચેતવણી અવગણી છે. ચીને દાયકાઓ સુધી અમેરિકાનો ફાયદો ઉઠાવ્યો છે. આ માટે અમારા અગાઉના નેતાઓની નબળી નીતિઓ જવાબદાર છે, જેમણે આ થવા દીધું. ટ્રમ્પે ટેરિફને લઈને તેના ઈરાદા સ્પષ્ટ કરી દીધા છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે ટેરિફના મામલે તે કોઈ બાંધછોડ કરવાના નથી. તેમણે જણાવ્યું હતું કે આ નિર્ણયને તેઓ ત્યાં સુધી રદ કરવાના નથી જ્યાં સુધી જે દેશ પર ટેરિફ લગાવાયો છે તે અમેરિકા સાથે તેનો વેપાર

અનુસંધાન પાના ૭ પર

ટ્રમ્પ સરકારની ગેરકાયદે વસતાં ઈમિગ્રન્ટ્સને ધમકી

# જો અમેરિકા નહીં છોડો તો ચૂકવવો પડશે મસમોટો દંડ

## ૧૮૦થી વધુ દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લાદ્યા બાદ ફરી પાછાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને બાનમાં લઈ રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવીદિલ્હી,તા.૮

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મોટાપાયે ડિપોર્ટેશન હાથ ધર્યા બાદ ટેરિફ પર ફોકસ કર્યું હતું. પરંતુ હવે ૧૮૦થી વધુ દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લાદ્યા બાદ ફરી પાછાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને બાનમાં લઈ રહ્યા છે. તેઓએ અમેરિકામાં રહેતાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને દેશમાંથી હાંકી કાઢવાની કવાયતને ફરી પાછું વેગ આપતાં ધમકી આપી છે. મીડિયા રિપોર્ટ



અનુસાર, અમેરિકાની સરકાર દ્વારા ડિપોર્ટના આદેશો હોવા છતાં અમેરિકામાં વસતાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ પર રોજિંદા ૯૯૮ ડોલર સુધીનો દંડ લાદવાની યોજના ઘડવામાં આવી છે.

અનુસંધાન પાના ૭ પર

મોહમ્મદ યુનુસ અને વચગાળાની સરકાર સામે મોરચો માડ્યો

# અલ્લાહે મને કોઈ કારણથી જીવતી રાખી છે, પાછી આવી રહી છુંઃ શેખ હસીના



(સંપૂર્ણ સમાચાર સેવા)

બાંગ્લાદેશ,તા.૮

બાંગ્લાદેશમાંથી દેશનિકાલ કરાયેલા પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાએ મોહમ્મદ યુનુસ અને વચગાળાની સરકાર સામે મોરચો માડ્યો છે. હસીનાએ યુનુસને ચોર અને બાંગ્લાદેશ સરકારને આતંકવાદીઓની સરકાર કહી છે. અને તેમણે કહ્યું કે,અલ્લાહે મને કોઈ કારણથી જીવતી રાખી છે, અને હવે ટૂંક સમયમાં જ બાંગ્લાદેશ પરત ફરી રહી છું.'

સોશિયલ મીડિયા પર આવામી લીગના કાર્યકર્તાઓ સાથે વાતચીત કરતાં હસીનાએ કહ્યું કે, 'હું મરી નથી, એટલે કે હું ફરીથી પરત આવી રહી છું. અલ્લાહે લોકોને સંદેશ આપ્યો છે. પરત આવ્યા પછી વચગાળાની સરકાર અને તેમના લોકોને અદાલતથી જેલ સુધી ઘસડી જઈશ

હસીનાનું કહેવું છે કે, હું હતી ત્યાં સુધી બાંગ્લાદેશનો ખૂબ જ વિકાસ થયો હતો. લોકો

અનુસંધાન પાના ૭ પર

ભાજપ-આરએસએસ પર સામાજિક ન્યાય આધારિત નીતિઓ નહીં ઘડવાનો આક્ષેપ

# જાતિ આધારિત વસતી ગણતરી સમાજના એક્સ-રે સમાનઃ રાહુલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૮

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ જાતિ આધારિત વસતી ગણતરીની માગણી સાથે ભાજપ-આરએસએસ નેતૃત્વની ફરી એક વખત ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે, ભાજપ-આરએસએસ જાતિ આધારિત વસતી ગણતરીનો વિરોધ કરી રહ્યા છે પરંતુ જમીની વાસ્તવિકતાના આધારે સામાજિક ન્યાયને સુદૃઢ બનાવતી નીતિઓ ઘડવામાં કોંગ્રેસ પાછી પાની નહીં કરે. સંઘના વડા મોહન ભાગવત જાતિ આધારિત વસતી ગણતરીનો વિરોધ કરી છે, પરંતુ આ પ્રકારની વસતી ગણતરી




સમાજના એક્સ રેસમાન છે. તેનાથી વસતીની સાચી સ્થિતિ જાણી શકાશે અને સર્વગ્રાહી નીતિઓ ઘડી શકાશે. પટણા ખાતે સંવિધાન બચાઓ સંમેલનમાં રાહુલ ગાંધીએ તેલંગાણામાં કોંગ્રેસના જાતિ આધારિત સર્વેની વાત કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે તેનાથી રાજ્યના રાજકીય પરિદૃશ્યને ફરી ઘડી શકાશે. તેલંગાણા જેવી જ અસર દેશના અન્ય રાજ્યોમાં પણ જોઈ શકાશે. બિહાર કોંગ્રેસના નેતૃત્વમાં પરિવર્તન અંગે વાત કરતા રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે, અગાઉ બિહારના બે તૃતિયાંશ ડિલ્લા પ્રમુખો ઉચ્ચ જાતિના હતા. મલ્લિકાર્જુન ખડગેના નેતૃત્વમાં અત્યારે બે તૃતિયાંશ જિલ્લા પ્રમુખો ઓબીસી, ઈબીસી, દલિત અને મહાદલિત સમાજના છે. વસતીના આંકડાના આધારે નેતૃત્વની ભૂમિકામાં ફેરફાર કરાયો છે. પક્ષના કાર્યકરોને પછાત સમાજો સાથે સંકલન વધારવાની હાકલ કરતાં રાહુલ ગાંધીએ નાગરિક લક્ષી રાજકીય અભિયાન પર ભાર મૂક્યો હતો.બિહારે દરેક વખતે પરિવર્તનની આગેવાની લીધી છે અને આ વખતે પણ બિહાર જ અગ્રીમ મોરચે રહેશે.

અનુસંધાન પાના ૭ પર

પ્રત્યાર્પણ રોકવાની અરજી ફગાવી

# ૨૬/૧૧ હુમલાના આરોપી તહવ્વુર રાણા ભારત આવશે

## ભારતીય એજન્સીઓ અનુસાર, રાણાએ પાકિસ્તાની આતંકવાદી ડેવિડ કોલમેન હેડલીને ભારતમાં આતંકવાદી પ્રવૃત્તિઓ કરવામાં મદદ કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૮

મુંબઈ આતંકવાદી હુમલાના મુખ્ય આરોપી તહવ્વુર રાણાના પ્રત્યાર્પણનો માર્ગ મોકળો થઈ ગયો છે અને હવે તેને ભારત લાવવામાં આવશે. હકીકતમાં, યુએસ સુપ્રીમ કોર્ટે તહવ્વુર રાણાના પ્રત્યાર્પણને રોકવા માટેની અરજીને ફગાવી દીધી છે. 64 વર્ષીય તહવ્વુર રાણા પાકિસ્તાની મૂળના કેનેડિયન નાગરિક છે અને હાલમાં લોસ એન્જલસના મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરમાં બંધ છે.26/11ના મુંબઈ આતંકવાદી હુમલાના આરોપી તહવ્વુર રાણાને ભારત પ્રત્યાર્પણ



કરવાનો માર્ગ હવે મોકળો થઈ ગયો છે. યુએસ સુપ્રીમ કોર્ટે રાણાની તે અરજીને ફગાવી દીધી છે જેમાં તેમણે તેમના પ્રત્યાર્પણ પર રોક લગાવવાની માંગ કરી હતી. સોમવારે સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર પ્રકાશિત એક નોટિસ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો.64 વર્ષીય તહવ્વુર રાણા પાકિસ્તાની મૂળના કેનેડિયન નાગરિક છે. હાલમાં તેને લોસ એન્જલસના મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવ્યો છે. 27 ફેબ્રુઆરીના રોજ, રાણાએ સુપ્રીમ કોર્ટના એસોસિયેટ જસ્ટિસ એલેના કાગન સમક્ષ "ઈમરજન્સી પિટિશન" દાખલ કરી, જેમાં "હેબિયસ કોર્પસ પિટિશનની સુનાવણી બાકી રહે ત્યાં સુધી પ્રત્યાર્પણ પર રોક" લગાવવાની માંગ કરવામાં આવી.જોકે, ગયા મહિને જસ્ટિસ કાગને રાણાની અરજી ફગાવી દીધી હતી. આ પછી, રાણાએ પોતાની અરજી ફરીથી રજૂ કરી અને તેને મુખ્ય ન્યાયાધીશ જોન રોબર્ટ્સ સમક્ષ મોકલવાની માંગ કરી. આના પર, સુપ્રીમ કોર્ટે રાણાની અરજીને 4 એપ્રિલ, 2025 ના રોજ 'કોન્ફરન્સ' માટે સૂચિબદ્ધ કરી અને તેને કોર્ટ સમક્ષ રજૂ કરવાનો નિર્ણય લીધો.સોમવારે યુએસ સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર

અનુસંધાન પાના ૭ પર

સુધારેલી જોગવાઈઓનો ૧૦ એપ્રિલથી થશે અમલ

# ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની ઘણી જોગવાઈઓમાં સુધારા-વધારા કર્યા

## સુગમતા વધારીને સ્ટેમ્પ ડ્યુટી એક્ટના અસરકારક અમલ માટેનો અભિગમ રાખવામાં આવ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,તા.૮

રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની ઘણી જોગવાઈઓમાં સુધારા-વધારા કર્યા છે. આ સુધારાઓમાં પ્રજાલક્ષી દરોનો ઘટાડો કરવા સાથે વહીવટી સરળતા અને સુગમતા વધારીને સ્ટેમ્પ ડ્યુટી એક્ટના અસરકારક અમલ માટેનો અભિગમ રાખવામાં આવ્યો છે. સ્ટેમ્પ ડ્યુટી એક્ટની આ સુધારેલી જોગવાઈઓ રાજ્યમાં ૧૦મી એપ્રિલ, ૨૦૨૫, ગુરુવારથી અમલી થશે. રાજ્યના મહેસૂલ વિભાગે સ્ટેમ્પ ડ્યુટી એક્ટની કરવામાં આવેલી જોગવાઈઓ અને સુધારા-વધારા ★ વડીલોપાર્જિત મિલકતના કિસ્સામાં અવસાન પામેલી પુત્રીના વારસદારો દ્વારા કરવામાં આવતાં હક્ક કમીના ડોક્યુમેન્ટ રૂ.૨૦૦ની સ્ટેમ્પ ડ્યુટી વાપરીને કરી શકાશે.

★ રૂ.૧ કરોડ સુધીની લોનની રકમ ઉપર મહત્તમ રૂ.૫,૦૦૦/-ની મર્યાદામાં સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે.

રૂ.૧૦ કરોડથી વધુ રકમની લોન અંગે કરવામાં આવતાં ગીરોખત/ હાઈપોથીકેશનના ડોક્યુમેન્ટ ઉપર મહત્તમ રૂ.૮,૦૦,૦૦૦/ -ની ડ્યુટીની હાલની જોગવાઈમાં વધારો કરીને તે રૂ.૧૫,૦૦,૦૦૦/- કરવામાં આવી છે. પરંતુ, એક કરતાં વધારે બેંકો પાસેથી જ્યારે લોન લેવામાં આવતી હોય તો તેવા કિસ્સામાં સરચાર્જ સિવાય મહત્તમ રૂ.૭૫,૦૦,૦૦૦/- સુધીની સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

★ વધારાની જામીનગીરીના કિસ્સામાં હવેથી ફિક્સ રૂ.૫,૦૦૦/-ની ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે.

★ ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરી હોય તેવા કિસ્સામાં જો અરજદાર સામેથી ડ્યુટી ભરવા આવે તો ડોક્યુમેન્ટથી તારીખથી માસિક બે ટકાના દરે, પરંતુ મહત્તમ ખૂટતી ડ્યુટીની ચાર ગણીરકમ વસૂલ કરવામાં આવશે.★ તે જ રીતે, સ્ટેમ્પ ડ્યુટીવની ચોરી જો તંત્ર દ્વારા પકડવામાં તો તેવા કિસ્સામાં માસિક ૩ ટકાના દરે પરંતુ મહત્તમ ૬ ગણી સુધી દંડની રકમ વસૂલ લેવાની જોગવાઈ કરવામાં આવી છે. એક વર્ષથી ઓછા સમયગાળાના ભાડા પટ્ટાના ડોક્યુમેન્ટ ઉપર સરેરાશ વાર્ષિક ભાડાની રકમના ૧%ની જગ્યાએ હવે રાજ્ય સરકારે રહેણાંક(રેસિડેન્સિયલ) માટે ફિક્સ રૂ.૫૦૦/- અને વાણિજ્ય(કોમર્શિયલ) માટે રૂ.૧૦૦૦/-ની ડ્યુટી ભરપાઈ કરવાની જોગવાઈ કરી છે.

★ ગીરોખતના

અનુસંધાન પાના ૭ પર

## દરરોજ આવા અજીબોગરીબ કિસ્સાઓ સામે આવે છે

# પ્રોફેસરે ૫૦૦૦ રૂપિયા આપ્યા, પટાવાળાએ પેપર તપાસી આપ્યા

### ઉત્તરવહીઓ તપાસવાની જવાબદારી માત્ર ૫,૦૦૦,રૂ.માં પટાવાળાને સોંપવામાં આવી હતી જેનાથી વિદ્યાર્થીઓનું ભવિષ્ય દાવ પર લાગ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
મધ્યપ્રદેશ,તા.૮

મધ્યપ્રદેશ ખરેખર વિચિત્ર છે, સૌથી અદ્ભુત છે! અહીં દરરોજ આવા અજીબોગરીબ કિસ્સાઓ સામે આવે છે, જેને જોઈને લોકો ચોંકી જાય છે. તાજેતરનો મામલો નર્મદાપુરમ જિલ્લાના પીપરિયા સ્થિત શહીદ ભગત સિંહ સરકારી પોસ્ટ ગ્રેજ્યુએટ કોલેજનો છે. અહીં ઉત્તરવહીઓનું મૂલ્યાંકન પ્રોફેસર દ્વારા નહીં પરંતુ પટાવાળા દ્વારા કરવામાં આવ્યું હતું! ચોંકાવનારી વાત એ છે કે ઉત્તરવહીઓ તપાસવાની જવાબદારી માત્ર ૫,૦૦૦,રૂ.માં પટાવાળાને સોંપવામાં આવી હતી. જેનાથી વિદ્યાર્થીઓનું ભવિષ્ય દાવ પર લાગ્યું. જ્યારે આ સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ અને સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ત્યારે હોબાળો મચી ગયો હતો. ઉચ્ચ શિક્ષણ વિભાગે તાત્કાલિક કાર્યવાહી કરી, તપાસના આદેશ આપ્યા અને જવાબદાર પ્રોફેસરને સસ્પેન્ડ કર્યા.

આ મામલો જાન્યુઆરી ૨૦૨૫નો છે, જ્યારે સરકારી શહીદ ભગત સિંહ પીજી કોલેજના ચોથા વર્ગના કર્મચારી (પટાવાળા) પન્નાલાલ પઠારિયાનો પરીક્ષાની નકલો તપાસતો વીડિયો વાયરલ થયો હતો.વીડિયો વાયરલ થયા બાદ વિદ્યાર્થીઓએ સ્થાનિક ધારાસભ્ય ઠાકુરદાસ નાગવંશીને આ અંગે ફરિયાદ કરી હતી અને વીડિયો પણ સબમિટ કર્યો હતો. આ પછી મામલો ઉચ્ચ શિક્ષણ વિભાગના ધ્યાન પર આવ્યો હતો.

રિપોર્ટ અનુસાર, પટાવાળા પન્નાલાલ પઠારિયાએ ગેસ્ટ ફેકલ્ટી ખુશ્બુ પાગારેને આપવામાં આવેલા જવાબ ઉત્તરવહીઓનું મૂલ્યાંકન કર્યું હતું. પન્ના લાલે લેખિતમાં કબૂલ્યું હતું કે તેણે નકલો તપાસવા માટે ૫૦૦૦ રૂપિયા લીધા હતા.

દરમિયાન, ખુશ્બુ પગારેએ તેના બચાવમાં જણાવ્યું હતું કે તેની તબિયત ખરાબ હતી, જેના કારણે તેણે કોલેજના બુકલિફ્ટર રાકેશ મેહરને રૂ. ૭૦૦૦ ચૂકવ્યા હતા અને તેની નકલો અન્ય કોઈ દ્વારા મૂલ્યાંકન કરાવવા કહ્યું હતું. બીજી તરફ, રાકેશે ૫૦૦૦ રૂપિયામાં પટાવાળા પન્ના લાલને નકલો તપાસવાનું કામ સોંપ્યું.

આ સમગ્ર પ્રકરણમાં જવાબદારી નક્કી કરતાં કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ રાકેશ કુમાર વર્મા અને પ્રોફેસર રામગુલામ પટેલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

વિભાગનું કહેવું છે કે વહીવટી વડા અને વરિષ્ઠ પ્રોફેસર હોવાના કારણે તેમની દેખરેખમાં આવી ગંભીર બેદરકારી અને અનિયમિતતા ન હતી થવી જોઈતી.

આ સાથે નકલો તપાસનાર પટાવાળા પન્નાલાલ પઢારિયા અને ગેસ્ટ સ્કોલર ખુશ્બુ પાગારે સામે વિભાગીય કાર્યવાહી કરવા સૂચનાઓ જારી કરવામાં આવી છે.

ઉચ્ચ શિક્ષણ વિભાગે સ્પષ્ટ કર્યું છે કે આ બેદરકારીમાં સંડોવાયેલા કોઈપણને બક્ષવામાં આવશે નહીં અને ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન અટકાવવા કડક કાર્યવાહી કરવામાં આવશે

# નરેન્દ્ર મોદીએ મુદ્રા યોજનાના ૧૦ વર્ષ પૂર્ણ થવા પર લાભાર્થીઓ સાથે વાતચીત કરી

નવી દિલ્હી,તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુદ્રા યોજનાના ૧૦ વર્ષ પૂર્ણ થવા પર લાભાર્થીઓ સાથે વાતચીત કરી. પીએમ મોદીએ 'X' પર લખ્યું, 'મેં સમગ્ર ભારતમાંથી મુદ્રા લાભાર્થીઓને મારા નિવાસસ્થાને આમંત્રણ આપ્યું હતું. લાભાર્થીઓએ આ યોજનાથી તેમના જીવનમાં જે ફેરફારો કર્યા છે તે વિશે રસપ્રદ માહિતી શેર કરી હતી.

પીએમ મોદીએ લખ્યું, 'આજે જ્યારે આપણે મુદ્રા યોજનાના ૧૦ વર્ષ પૂરા કરી રહ્યા છીએ, ત્યારે હું તે તમામ લોકોને અભિનંદન આપવા માંગુ છું જેમનું જીવન આ યોજનાને કારણે બદલાઈ ગયું છે. આ દાયકામાં મુદ્રા યોજનાએ ઘણા સપનાઓને વાસ્તવિકતામાં પરિવર્તિત કર્યા છે. તેણે એવા લોકોને સશક્ત કર્યા છે જેમને અગાઉ નાણાકીય સહાય નકારી હતી. આ બતાવે છે કે ભારતના લોકો માટે કશું જ અશક્ય નથી!'

પીએમે વધુમાં કહ્યું કે, ભારતના લોકો માટે કંઈ પણ અશક્ય નથી, ૩૩ લાખ કરોડ રૂપિયા દેશના લોકોને કોઈ ગેરંટી વિના આપવામાં આવ્યા, આનાથી જીવન બદલાઈ ગયું છે, મોટાભાગની મહિલાઓ આગળ આવી છે.

પીએમ મોદીએ કહ્યું કે મુદ્રા યોજના મોદી માટે નથી પરંતુ દેશના યુવાનો માટે છે. પીએમ મોદીએ કહ્યું- આપણા દેશમાં બહુ ઓછા લોકો છે જે જાણે છે કે ક્રાંતિ ચૂપચાપ કેવી રીતે થઈ રહી છે.

લોકોએ પીએમ મોદી સાથે તેમના અનુભવો શેર કર્યા, એકે કહ્યું કે મુદ્રા લોન પછી, અમે પેટ માટે સુવિધા શરૂ કરી. હવે મને તેનો ઘણો ફાયદો મળી રહ્યો છે. પીએમ મોદીએ એક લાભાર્થીને પૂછ્યું, તમારી વર્તમાન આવક કેટલી છે?

## સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચી ગયો

# ટ્રમ્પ વિરુદ્ધ એક થયા ૨૭ દેશો, અમેરિકા પર ૨૫ ટકા જવાબી ટેરિફની ધમકી

અમેરિકા,તા.૮

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જે રીતે ટેરિફ વોર શરુ કરી છે, તેનાથી સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચી ગયો છે. પરંતુ વિશ્વમાં કેટલાક દેશો એવા પણ છે જેણે ટ્રમ્પને ટ્રમ્પની સ્ટાઈલમાં જ ટક્કર આપવાનો પ્લાન બનાવી દીધો છે. ચીને અમેરિકાને આ મામલે પહેલા જ અરીસો દેખાડી દીધો છે. અને હવે બીજી તરફ ૨૭ દેશોના ગ્રૂપ એટલે કે યુરોપીય આયોગે પણ ટ્રમ્પને ટક્કર આપવા માટે કમર કસી લીધી છે. એક સમાચાર એજન્સીએ જણાવ્યું કે, EUએ સોમવારે કેટલીક અમેરિકન વસ્તુઓ પર ૨૫% ટેરિફ લગાવવાનો પ્રસ્તાવ આપ્યો છે. એજન્સીએ દસ્તાવેજોનો હવાલો આપતાં કહ્યું કે, કેટલીક વસ્તુઓ પર ટેરિફ ૧૬ મેથી અમલમાં આવશે. જોકે, કેટલીક અન્ય વસ્તુઓ પર પણ આ વર્ષથી ટેરિફ લાગુ થઈ જશે. તેમાં હીરા, ઈંડા, ડેન્ટલ ફ્લોસ, પોલ્ટ્રી સહિત અનેક વસ્તુઓ સામેલ છે. સભ્ય દેશો દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યા બાદ આ યાદીમાંથી કેટલીક વસ્તુઓ હટાવી દીધી હોવાના અહેવાલો પણ સામે આવી રહ્યા છે. બદામ અને સોયાબીન પર ટેરિફ ડિસેમ્બરથી શરુ થશે. EUના વેપાર પ્રમુખ મારોસ સેફકોવિકે સોમવારે કહ્યું કે, જવાબી ટેરિફની અસર અગાઉ જાહેર કરાયેલા ૨૬ બિલિયન યુરો (૨૮.૪૫ બિલિયન ડૉલર) કરતાં ઓછી હશે. માર્ચમાં તૈયાર કરાયેલી યાદીમાંથી બોરબન, વાઈન અને ડેરી ઉત્પાદનોને હટાવી દેવામાં આવ્યા છે. કમિશને અગાઉ બોરબન પર ૫૦% ટેરિફ લાદવાની યોજના બનાવી હતી, ત્યારબાદ ટ્રમ્પે ઈંના શરાબ પર ૨૦૦% ટેરિફ લાદવાની ધમકી આપી હતી. ફ્રાન્સ અને ઈટાલી ખાસ કરીને આ ખતરાથી ચિંતિત હતા કારણ કે તેમનો વાઈન ઉદ્યોગ ખૂબ મોટો છે. આ ઉપરાંત EUએ ૧ એપ્રિલથી સ્ટીલ પરના હાલના સલામતી નિયમો કડક કર્યા, જેનાથી આયાતમાં ૧૫% ઘટાડો થયો. કમિશન હવે એલ્યુમિનિયમ માટે આયાત ક્વોટા પર પણ વિચાર કરી રહ્યું છે. EU સભ્ય દેશો ૯ એપ્રિલે આ પ્રસ્તાવ પર મતદાન કરશે.

આ પગલું ટ્રમ્પના સ્ટીલ અને એલ્યુમિનિયમ ટેરિફ સામે EUની વ્યૂહરચનાનો એક ભાગ છે. લોકો આને વેપાર યુદ્ધનો નવો અધ્યાય માની રહ્યા છે. સોશિયલ મીડિયા પર કેટલાક લોકો કહી રહ્યા છે કે, 'અમેરિકાએ શરુઆત કરી, હવે યુરોપ તેનો જવાબ આપી રહ્યું છે,'

# સોનું ખરીદવાની સુવર્ણ તક; ફરી સસ્તું થયું ગોલ્ડ

### ૨૨ કેરેટ સોનાની કિંમત ૮૩,૦૦૦ રુપિયા પર પહોંચી ગયું છે. એક કિલો ચાંદીનો ભાવ ૮૧૨ ઘટીને ૮૯,૫૮૦ પ્રતિ કિલો થયો છે

નવી દિલ્હી,,તા.૮

જો તમે સોનું કે ચાંદી ખરીદવાનું વિચારી રહ્યા છો, તો હવે તમારા માટે એક શ્રેષ્ઠ તક છે. વૈશ્વિક ટેરિફ વોર અને મંદીની અસરને કારણે સોના અને ચાંદીના ભાવમાં ભારે ઘટાડો થયો છે. મંગળવાર, ૮ એપ્રિલે, સોનાના ભાવમાં ૨૩૦ રુપિયાનો ઘટાડો જોવા મળ્યો છે. દિલ્હીમાં આજે ૨૪ કેરેટ સોનું રૂ.૯૦,૫૩૦ રુપિયા પર પહોંચી ગયું છે જ્યારે ૨૨ કેરેટ સોનાની કિંમત ૮૩,૦૦૦ રુપિયા પર પહોંચી ગયું છે. એક કિલો ચાંદીનો ભાવ ૮૧૨ ઘટીને ૮૯,૫૮૦ પ્રતિ કિલો થયો છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિએ અમેરિકી શેરબજાર સહિત સમગ્ર વિશ્વમાં ઘમાસાણ મચાવી દીધું છે. આ વચ્ચે સોનાની કિંમતમાં ઘટાડો જોવા મળ્યો છે.

દુનિયામાં વધતી અનિશ્ચિતતાના કારણે લોકો પોતાના પૈસાને સુરક્ષિત રાખવા માટે સોનામાં રોકાણ કરી રહ્યા છે, જેના કારણે તેની કિંમત ઝડપથી વધી રહી છે, પણ હવે નિષ્ણાંતોનું કહેવું છે સોનાના ભાવ જલદી ઉતરી શકે છે.

ગુજરાતના અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરામાં ૨૨ કેરેટ સોનાનો ભાવ ૮૨,૮૯૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાનો રુપિયા ૯૦,૪૨૦ પ્રતિ ૧૦ ગ્રામ છે. કોમોડિટી બજારમાં નબળાઈને કારણે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો થયો છે. મુંબઈમાં ૨૨ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૮૨,૨૫૦ રૂપિયા અને ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૮૯,૭૩૦ રૂપિયા છે. કોલકાતામાં ૨૨ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૮૨,૨૫૦ રૂપિયા અને ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૮૯,૭૩૦ રૂપિયા છે. ચેન્નાઈમાં ૨૨ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૮૨,૨૫૦ રૂપિયા અને ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૮૯,૭૩૦ રૂપિયા છે.

## હાર્દિક-તિલકની તોફાની ઈનિંગ્સ કામ ન આવી

# RCBએ મુંબઈનો કિલ્લો તોડ્યો, વાનખેડેમાં ૧૦ વર્ષ પછી જીત

### પ્રથમ બેટિંગ કરતાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે રજત પાટીદાર અને વિરાટ કોહલીની અડધી સદીની મદદથી ૨૨૧ રન બનાવ્યા હતા

મુંબઈ, તા.૮

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં એક દાયકા બાદ વિજય મેળવીને ઈતિહાસ રચ્યો છે. IPL 2025ની આ રોમાંચક મેચમાં RCBએ મુંબઈ ઈન્ડિયન્સને ૧૨ રને પરાજય આપ્યો હતો. એક સમયે હાર્દિક પંડ્યા અને તિલક વર્માની તોફાની બેટિંગને કારણે મુંબઈની જીત નિશ્ચિત જણાતી હતી, પરંતુ અંતિમ ઓવરોમાં મેચ પલટાઈ ગયો હતો.પ્રથમ બેટિંગ કરતાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે રજત પાટીદાર અને વિરાટ કોહલીની અડધી સદીની મદદથી ૨૨૧ રન બનાવ્યા હતા. જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સની શરૂઆત ખરાબ રહી હતી અને ૧૨ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને માત્ર ૯૯ રન જ બનાવી શકી હતી. જો કે, ત્યારબાદ કેપ્ટન હાર્દિક પંડ્યાએ માત્ર ૧૫ બોલમાં ૪૨ રન અને તિલક વર્માએ ૨૯ બોલમાં ૫૬ રનની તોફાની ઈનિંગ રમીને મેચમાં રોમાંચ લાવી દીધો હતો. આ બંને બેટ્સમેનો આઉટ થતાં જ RCBની જીત નિશ્ચિત થઈ ગઈ હતી.૨૨૨ રનના લક્ષ્યાંકનો પીછો કરતાં મુંબઈની શરૂઆત સારી નહોતી રહી. ઈમ્પેક્ટ પ્લેયર તરીકે આવેલા રોહિત શર્મા માત્ર ૯ બોલમાં ૧૭ રન બનાવીને યશ દયાલનો શિકાર બન્યા હતા. ત્યારબાદ રેયાન રિકલટન પણ ૧૯ બોલમાં ૧૭ રન બનાવીને પેવેલિયન ભેગો થયો હતો. ૩૮ રનમાં બે વિકેટ પડ્યા બાદ સૂર્યકુમાર યાદવ અને વિલ જેક્સ પર ટીમનો મદાર હતો. જો કે, સૂર્યા પણ મોટી ઈનિંગ્સ રમી શક્યો નહોતો અને ૨૬ બોલમાં ૨૮ રન બનાવીને આઉટ થયો હતો. તે પહેલાં વિલ જેક્સે ૧૮ બોલમાં ૨૨ રનનું યોગદાન આપ્યું હતું.૯૯ રનમાં ૪ વિકેટ પડી ગયા બાદ એવું લાગતું હતું કે RCB સરળતાથી જીતી જશે, પરંતુ હાર્દિક પંડ્યાએ આવતાની સાથે જ આક્રમક બેટિંગ શરૂ કરી દીધી હતી અને તિલક વર્મા સાથે મળીને મેચનો પલટો કર્યો હતો. ૧૩મી ઓવરમાં ૧૭ રન આવ્યા, જ્યારે જોશ હેઝલવુડે ૧૪મી ઓવરમાં ૨૨ રન આપ્યા. ૧૫મી ઓવરમાં ૧૯ રન બન્યા અને ૧૬મી ઓવરમાં ૧૩ રન બનતા મેચ મુંબઈના પક્ષમાં જતો જોવા મળતો હતો. ૧૭ ઓવરના અંતે મુંબઈનો સ્કોર ૪ વિકેટે ૧૮૧ રન હતો.જો કે, ભુવનેશ્વર કુમારે ૧૮મી ઓવરમાં તિલક વર્માને આઉટ કરીને RCBને રાહત અપાવી હતી. ત્યારબાદ ૧૯મી ઓવરના પ્રથમ બોલ પર જોશ હેઝલવુડે હાર્દિક પંડ્યાને આઉટ કરીને RCBની જીત લગભગ નિશ્ચિત કરી દીધી હતી. મુંબઈને છેલ્લા ૧૨ બોલમાં ૨૮ રનની જરૂર હતી, પરંતુ હેઝલવુડે ૧૯મી ઓવરમાં માત્ર ૯ રન આપ્યા. અંતિમ ઓવરમાં ૧૯ રનની જરૂર હતી અને કૃણાલ પંડ્યાએ પ્રથમ બે બોલમાં બે વિકેટ લઈને RCBની જીત પર મહોર મારી દીધી હતી.RCB માટે કૃણાલ પંડ્યાએ ૪ ઓવરમાં ૪૫ રન આપીને ૪ વિકેટ ઝડપી હતી. જોશ હેઝલવુડે ૩૭ રનમાં ૨ અને યશ દયાલે ૪૬ રનમાં ૨ વિકેટ લીધી હતી. બેટિંગમાં વિરાટ કોહલીએ ૬૭, દેવદત્ત પડિક્કલે ૩૭, કેપ્ટન રજત પાટીદારે ૬૪ અને જીતેશ શર્માએ ૧૯ બોલમાં અણનમ ૪૦ રન બનાવ્યા હતા.

## જામા મસ્જિદ ફરી એકવાર સમાચારોમાં

# સંભલની શાહી જામા મસ્જિદનું નામ બદલવામાં આવ્યું, નવું બોર્ડ થયું તૈયાર

### જુમા મસ્જિદ'' લખવામાં આવ્યું છે. એવું માનવામાં આવે છે કે આ સાઈન બોર્ડ ટૂંક સમયમાં મસ્જિદ પર લગાવવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
સંભલ,તા.૮

ઉત્તર પ્રદેશમાં સંભલની શાહી જામા મસ્જિદ ફરી એકવાર સમાચારોમાં છે, આ વખતે કોઈ વિવાદ કે નિવેદનને કારણે નહીં પરંતુ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દ્વારા મોકલવામાં આવેલા નવા સાઈનબોર્ડને કારણે. જેમાં મસ્જિદને તેના સામાન્ય નામ શાહી જામા મસ્જિદને બદલે "જુમા મસ્જિદ" લખવામાં આવ્યું છે. એવું માનવામાં આવે છે કે આ સાઈન બોર્ડ ટૂંક સમયમાં મસ્જિદ પર લગાવવામાં આવશે.

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ એ તેના દસ્તાવેજોમાં જામા મસ્જિદનું નામ જુમા મસ્જિદ રાખ્યું છે. ASI દાવો કરે છે કે નવું સાઈનબોર્ડ તેમના રેકોર્ડમાં નોંધાયેલા નામ પ્રમાણે છે. આ મસ્જિદ અગાઉ પણ વિવાદમાં રહી છે, જેમાં તેને હિંદુ મંદિર હોવાનો દાવો કરતી અરજી દાખલ કરવામાં આવી હતી. ગયા વર્ષે પણ કરવામાં આવેલા સર્વે દરમિયાન હિંસા થઈ હતી.

ASI વકીલ વિષ્ણુ શર્માએ કહ્યું કે પહેલા મસ્જિદની બહાર ASI બોર્ડ લગાવવામાં આવ્યું હતું, પરંતુ કેટલાક લોકોએ કથિત રીતે તેને હટાવીને તેના સ્થાને 'શાહી જામા મસ્જિદ' શબ્દનું બોર્ડ લગાવી દીધું હતું. ASIના દસ્તાવેજોમાં નોંધાયેલા 'જુમા મસ્જિદ'ના નામ પ્રમાણે નવું બોર્ડ જારી કરવામાં આવ્યું છે. શર્માએ કહ્યું કે મસ્જિદ પરિસરમાં આ જ નામનું વાદળી ASI બોર્ડ પહેલેથી જ છે.સંભલની જામા મસ્જિદ વિવાદો સાથે જોડાયેલી છે. એવો દાવો કરવામાં આવે છે કે આ એક પ્રાચીન હિન્દુ મંદિરનું સ્થળ હતું. ગયા વર્ષે ૨૪ નવેમ્બરે સર્વે દરમિયાન સંભલના કોટ ગરવી વિસ્તારમાં હિંસા ફાટી નીકળી હતી જેમાં ચાર લોકોના મોત થયા હતા, જ્યારે ઘણા લોકો ઘાયલ થયા હતા. વિસ્તારમાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે, પોલીસે ઈન્ટરનેટ બંધ કરવું પડ્યું અને ઘણા દિવસો સુધી કર્ફ્યુ લાદવો પડ્યો. નવા નામ સાથે બોર્ડને લઈને વિરોધ થઈ શકે છે, જોકે અત્યાર સુધી કોઈએ આ અંગે કોઈ વાંધો ઉઠાવ્યો નથી.

## ૧૩ વર્ષની છોકરીનો કિસ્સો

# બિહારના ગોપાલગંજમાં લાંબા વાળ જ બન્યુ મૃત્યુનું કારણ

(સંપૂર્ણ સમાચાર સેવા)
બિહાર,તા.૮

વાળ એ આપણી સુંદરતાની નિશાની છે. કેટલાક લોકોને ટૂંકા વાળ રાખવા ગમે છે જ્યારે કેટલાકને લાંબા વાળ રાખવાનો શોખ હોય છે. બિહારના ગોપાલગંજમાં એક ૧૩ વર્ષની છોકરી પણ લાંબા વાળ રાખવાની શોખીન હતી. પરંતુ એક દિવસ આ જ તેના મૃત્યુનું કારણ બની જશે, કદાચ તેણે સપનામાં પણ આવું વિચાર્યું ન હોય. છોકરી ગેસનો ચૂલો ચાલુ કરી રહી હતી. તેણે દિવાસળી સળગાવી, સ્ટોવમાંથી જ્વાળાઓ નીકળી. તેના વાળમાં આગ લાગી અને થોડીવારમાં તે બળી ગઈ.

બાળકીને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવી હતી, પરંતુ તેને બચાવી શકાઈ નહિ. આ ઘટના બૈકુંથપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ફૈજુલ્લાપુર ગામમાં બની હતી. અહીં ગેસ સિલિન્ડરમાં આગ લાગતાં ૧૩ વર્ષની રવિના કુમારી ખરાબ રીતે દાઝી ગઈ હતી, જેના કારણે તેનું મૃત્યુ થયું હતું. પરિવારજનોના જણાવ્યા અનુસાર રવિના ચા બનાવવા માટે ગેસનો ચૂલો ચાલુ કરી રહી હતી. તેણે માચીસ પ્રગટાવતાની સાથે જ ગેસના ચૂલામાંથી નીકળતી જ્વાળાએ તેના વાળ અને કપડાને લપેટમાં લીધા હતા. ગંભીર રીતે દાઝી ગયેલી રવિનાને તરત જ ગોરખપુર મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવી હતી, પરંતુ સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું.

રવિનાના પિતા રવિ પ્રસાદે કહ્યું કે આ ઘટના બાદ પરિવારમાં શોકનું વાતાવરણ છે. રવિનાના નિધનથી પરિવાર અને ગામમાં ઘેરા શોકની લાગણી છે. પરિવારના સભ્યોએ કહ્યું કે રવિનાને લાંબા વાળ ખૂબ જ પસંદ હતા, પરંતુ કોઈએ વિચાર્યું ન હતું કે આ તેના મૃત્યુનું કારણ બનશે. આ દુર્ઘટના બાદ પ્રશાસને મામલાની તપાસ શરૂ કરી છે અને ભવિષ્યમાં આવી દુર્ઘટના ન બને તે માટે લોકોને સાવચેત રહેવાની અપીલ કરી છે.

ગોપાલગંજ પોલીસ અને ફાયર વિભાગ અકસ્માતના કારણ વિશે સંપૂર્ણ માહિતી એકત્ર કરવામાં વ્યસ્ત છે.

આ ઘટના ફરી એકવાર સાબિત કરે છે કે ગેસ સ્ટવનો ઉપયોગ કરતી વખતે અત્યંત સાવધાની રાખવી જોઈએ. ખાસ કરીને જો કોઈના વાળ લાંબા હોય, તો સાવચેત રહો અને ગેસના ચૂલા પાસે જતા પહેલા સલામતીની સાવચેતી રાખો. આગની નજીક કોઈપણ કામ કરતી વખતે સુતરાઉ કપડાં પહેરવા સૌથી સલામત છે.

## સરદાર સરોવર સહિત ૨૦૭ જળાશયોમાં ૫૭ ટકાથી વધુ જળ સંગ્રહ : જળ સંપત્તિ મંત્રી

# જળાશયોમાં પૂરતું પાણી, ઉનાળામાં કોઈ તકલીફ નહીં પડે

### જળ સંપત્તિ રાજ્ય મંત્રી મૂકેશભાઈ પટેલ જણાવ્યું હતું કે, મોરબી ખાતે આવેલું મચ્છુ-૩ જળાશય હાલમાં પણ ૧૦૦ ટકાથી વધુ ભરાયેલું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર, તા.૮

રાજ્યમાં ગત ચોમાસા દરમ્યાન સાર્વત્રિક અને પૂરતા પ્રમાણમાં વરસાદ થવાને કારણે હાલની સ્થિતિએ સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૭ ટકાથી વધારે જળ સંગ્રહાયેલું છે એટલે આ વખતે ઉનાળની સીઝનમાં નાગરિકોને જરૂરી પાણીની બિલકુલ તકલીફ નહીં પડે. ગત ૭મી, એપ્રિલ-૨૦૨૪ની સ્થિતિએ રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૫૦.૮૪ ટકા જળ સંગ્રહ હતો. જળ સંપત્તિ મંત્રી કુંવરજી બાવળીયાએ કહ્યું હતું કે, સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહશક્તિના ૬૧.૯૫ ટકા પાણી ઉપલબ્ધ છે. જ્યારે દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૬૨ ટકાથી વધુ જળ સંગ્રહ, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૫૬.૨૧ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૪૪.૪૪ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૪૧ ટકાથી વધુ અને ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૩૪.૯૫ ટકા જળ સંગ્રહ ઉપલબ્ધ છે.જ્યારે, જળ સંપત્તિ રાજ્ય મંત્રી મૂકેશભાઈ પટેલ જણાવ્યું હતું કે, મોરબી ખાતે આવેલું મચ્છુ-૩ જળાશય હાલમાં પણ ૧૦૦ ટકાથી વધુ ભરાયેલું છે. જ્યારે ૨૧ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા, ૪૪ જળાશયો ૫૦ થી ૭૦ ટકાથી વધુ, ૭૪ જળાશયો ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયેલા છે. માત્ર ૬૭ જળાશયો એવા છે કે, જેમાં ૨૫ ટકાથી વધુ જળ સંગ્રહ ઉપલબ્ધ છે. આ ઉપરાંત સરદાર સરોવર ડેમમાં ૨૫૦૫, વણાકબોરી ડેમમાં ૩૭૦૦ અને કડાણા ડેમમાં ૧૭૪૨ ક્યુસેક પાણીની આવક ચાલુ છે એટલે હવે, ઉનાળા દરમિયાન રાજ્યમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં નાગરીકોની જરૂરિયાત મુજબ પૂરતા પ્રમાણમાં પાણી પુરૂ પાડવામાં આવશે.

બપોરના સમયે ટ્રાફિક સિગ્નલ રહેશે બંધ


# ભીષણ ગરમી વચ્ચે રાજકોટમાં પ્રશાસનનો મહત્વનો નિર્ણય

## ભીષણ ગરમીના કારણે અમદાવાદમાં ઈમરજન્સીના કેસમાં વધારો કરાયો હતો, ૧૦ દિવસમાં ૧૦૮ને ગરમીને લગતા કેસોના ૨૩૨ કોલ મળ્યા હતા.

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૮

ભીષણ ગરમી વચ્ચે રાજકોટમાં પ્રશાસને મહત્વનો નિર્ણય લીધો હતો. રાજકોટમાં બપોરના સમયે ટ્રાફિક સિગ્નલ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આકરા તાપના કારણે સરકારી સ્કૂલોનો સમય પણ સવારનો કરાયો છે. જાહેર સ્થળોએ ORS-છાશ વિતરણ કેંદ્રો શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. દવાનો સ્ટોક પૂરતી માત્રામાં રાખવા સૂચના આપવામાં આવી છે.સોમવારે રાજકોટમાં ઉનાળાની સીઝનનું રેકોર્ડ બ્રેક 44.2 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.આકાશમાંથી જાણે અગન જ્વાળાઓ વરસી રહી હોય તેવો અનુભવ શહેરીજનો કરી રહ્યા છે. આકરા તાપના કારણે શહેરમાં બપોરના સમયે તમામ ટ્રાફિક સિગ્નલો બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સરકારી શાળાઓનો સમય સવારનો કરાયો છે. એટલે બપોરની પાળીમાં ચાલતી શાળાઓનો સમય સવારનો કરવા સૂચના અપાઈ છે. જ્યારે જાહેર સ્થળોએ લોકો માટે ORS અને છાશ વિતરણ કેંદ્રો શરૂ કરવા માટે નિર્દેશ અપાયા હતા. હીટવેવની સ્થિતિ વચ્ચે ઝાડા, ચક્કર સહિતના કેસો પણ વધતા હોય છે ત્યારે આરોગ્ય કેન્દ્રો, દવાખાનાઓમાં દવાઓનો સ્ટોક પૂરતી માત્રામાં રાખવાના નિર્દેશ અપાયા હતા.ભીષણ ગરમીના કારણે અમદાવાદમાં ઈમરજન્સીના કેસમાં વધારો કરાયો હતો. 10 દિવસમાં 108ને ગરમીને લગતા કેસોના 232 કોલ મળ્યા હતા. 10 દિવસમાં હીટસ્ટ્રોક સહિત વિવિધ રોગના 232 કેસ નોંધાયા હતા. ડિહાઈડ્રેશન, ઝાડા-ઉલટી, પેટના દુઃખાવાના 108ને 232 કોલ મળ્યા હતા. રાજ્યમાં વિવિધ પ્રકારની ઈમરજંસીના 902 કેસ નોંધાયા હતા. અમદાવાદમાં 28 માર્ચે સૌથી વધુ 26 કોલ મળ્યા હતા.આગામી દિવસોમાં પણ ચામડી દઝાડતી ગરમી પડવાની આગાહી હતી. હવામાન વિભાગની આગાહી મુજબ આજે કચ્છમાં સિવિયર હીટવેવની વચ્ચે ગરમીનું રેડ એલર્ટ જાહેર કરાયું હતું. સૌરાષ્ટ્રના રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગરમાં આવતીકાલે ગરમીનું ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉત્તર ગુજરાતના પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા અને મહેસાણા માટે પણ ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બોટાદ, ભાવનગર અને દક્ષિણ ગુજરાતના સુરતમાં ગરમીનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. સોમવારે 44.2 ડિગ્રીમાં રાજકોટના લોકો શેકાયા હતા. સુરેન્દ્રનગરમાં 44 ડિગ્રી, અમરેલીમાં 43.9, ગાંધીનગરમાં 42.9 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમદાવાદ શહેરમાં સતત બીજા દિવસે 42.9 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આકરી ગરમીના કારણે બપોરના સમયે રસ્તાઓ પર કર્ફ્યૂ જેવો માહોલ જોવા મળ્યો હતો. તાપના ટોર્ચરથી બચવા માટે બપોરના સમયે લોકોએ ઘરમાંથી બહાર નીકળવાનું ટાળ્યું હતું.

# `સેફ્ટી કી શર્ત લગી પોર્ટર પેકર્સ એન્ડ મૂવર્સના નવા કેમ્પેઈન ડેમેજ-ફ્રી હાઉસિંગ શિફ્ટિંગ અનુભવનું વચન આપે છે




ભારત, એપ્રિલ, ૨૦૨૫ઁ પોર્ટરના હાઉસ શિફ્ટિંગ વિંગ પોર્ટર પેકર્સ એન્ડ મૂવર્સે તેના નવીનતમ કેમ્પેઈન,ઁસેફ્ટી કી શર્ત લગીઁ શરૂ કર્યું છે - જે ડિજિટલ અને મુખ્ય આઉટડોર ટચપોઈન્ટ્સ પર કેન્દ્રિત મૂકતી એક સંકલિત ઝુંબેશ છે. આ અભિયાન માલ - સમાન ની પેકિંગ અને સ્થળાંતર ની વાસ્તવિક દુનિયાના સમસ્યાઓ, જે ગ્રાહકોની મુખ્ય ચિંતાઓ અને અપેક્ષાઓને સીધી રીતે સંબોધિત કરે છે.

પોર્ટર ખાતે ન્યૂ ઈનિશિયેટિવ્સના વાઈસ પ્રેસિડેન્ટ રાહુલ અગ્રવાલે જણાવ્યું કેઁ અમને અમારી સેવાઓ માટે અવિશ્વસનીય -ેમ મળ્યો છે, જેણે છેલ્લા બે વર્ષોમાં અમારી સકારાત્મક પ્રતિભાવ ને પ્રોત્સાહન આપ્યું છેઁ,. હાઉસ- શિફટિંગ લાંબા સમયથી બિનકાર્યક્ષમતાથી પીડાય છે, અને અમે તેને બદલવાની તક જોઈ ટેકનોલોજી અને પ્રોડક્ટ ઈનોવેશનમાં પર્યાપ્ત રોકાણ દ્વારા, અમે ઉદ્યોગ-પ્રથમ પહેલો અને સરળહાઉસ શિફ્ટિંગ માટે વિશ્વસનીયઅને પ્રશિક્ષિત પાર્ટનર્સ નેટવર્ક સાથે )શ્રેણી-વ્યાખ્યાયિત અનુભવ બનાવ્યો છે. અમારું લક્ષ્ય હાઉસ શિફ્ટિંગ ઉદ્યોગમાં વિશ્વસનીયતા, પારદર્શિતા અને સુવિધા માટે નવા બેન્ચમાર્ક સેટ કરવાનું છેઁ.

પોર્ટરના કસ્ટમર ગ્રોથ અને એન્ગેજમેન્ટના વાઈસ પ્રેસિડેન્ટ મોહિત રાઠીએ ઉમેર્યું,ઁ અમારા તરફથી હાઉસ શિફટિંગ એ નવી શરૂઆત તરફ એક મોટું પગલું છે, જે ઘણીવાર તણાવ અને અનિ?િતતા સાથે હોય છે. અમે ગ્રાહકોના પ્રતિસાદ સાંભળ્યા છે, અને તે સ્પષ્ટ છે કે સલામતી એ ટોચની પ્રાથમિકતા છે.ગ્રાહકો માટે અમારો પ્રસ્તાવ તેમની પ્રાથમિકતા પર આધારિત છે , જ્યાં એમ તેમના અનુભવ ને સમજવા અને સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ સેફ્ટી કી શર્ત લગીઁ સ્થળાંતરઅનુભવ પ્રદાન કરવા માટેની અમારી મજબૂત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે, જે અમારા ગ્રાહકોને દરેક પગલા પર માનસિક શાંતિ સુનિ?િત કરે છેઁ.

પોર્ટર પેકર્સ એન્ડ મૂવર્સ તેના સર્વિસ લેવલ્સ સાથે હાઉસ-શિફ્ટિંગ ઉદ્યોગમાં એક નવો માપદંડ સ્થાપિત કરી રહ્યું છે અને હવે આ -માણિક ઈરાદા સાથે ધોરણને આગળ લઈ જવાની કોશિશ કરી રહ્યા છીએ. જ્યારે ઈન્ડસ્ટ્રી અનુભવના દાવા/વાયદા અથવા ડિસ્કાઉન્ટના દાવાઓ પર આધાર રાખે છે, ત્યારે પોર્ટર પેકર્સ એન્ડ મૂવર્સ સ્પષ્ટ, ગ્રાહક-પ્રથમ વચન સાથે અલગ છે - ૧૦૦ુ નુકસાન-મુક્ત સ્થળાંતર અથવા ?૫ લાખ સુધીના નુકસાનનો દાવો. આ ઝુંબેશ કંપનીની જવાબદારી અને વિશ્વાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રકાશિત કરે છે,

# રાયગઢના જંગલમાં આગ ભભૂકી, ચાર કલાક બાદ કાબૂ મેળવાયો

## હિંમતનગર તાલુકાના રાયગઢથી સંચેરી જતા રોડ પર બપોર બાદ અગમ્ય કારણોસર આગ લાગી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)
હિંમતનગર, તા.૮

ઉનાળાની કાળઝાળ ગરમીમાં રવિવારે બપોરે હિંમતનગર તાલુકાના રાયગઢ નજીક સંચેરી જવાના માર્ગ પર આવેલા જંગલ વિસ્તારમાં આગ લાગી હતી. જોકે જંગલ વિભાગના અધિકારીઓએ તાત્કાલિક આગ પર પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લીધો હતો. આગની આ ઘટનામાં ઝાડી-ઝાંખરાં અને નાના વૃક્ષો બળી ગયા હતા. હિંમતનગર તાલુકાના રાયગઢથી સંચેરી જતા રોડ પર રવિવારે બપોર બાદ અગમ્ય કારણોસર આગ લાગી હતી. સ્થાનિકો ધૂમાડા જોયા બાદ તરત જ વન વિભાગમાં જાણ કરી હતી. સાથે જ સ્થાનિકોએ શરૂઆતના તબક્કામાં આગ બુઝાવવા માટે પ્રયાસ કર્યા પરંતુ તેમાં સફળતા મળી ન હતી. ત્યારબાદ વન વિભાગની ટીમના ૩૦થી વધુ કર્મચારીઓએ આવીને તરતજ આગ બુઝાવવા માટે પ્રયાસ શરૂ કર્યા હતા.લગભગ ચાર કલાક સુધી મહેનત કર્યા બાદ આગ બુઝાવી દેવામાં આવી હતી. જેમાં રાયગઢ રેન્જના ફોરેસ્ટર, બીટગાર્ડ સહિત ૩૦થી વધુ કર્મચારીએ રજા હોવા છતાં આવ્યા હતા. રાયગઢ વન વિભાગના આરએફઓ અનિરુદ્ધસિંહ સીસોદિયાના જણાવ્યા મુજબ, કર્મચારીઓએ લગભગ ચાર કલાક સુધી સતત મહેનત કરી હતી.


# ઉત્તરપ્રદેશમાં કાયદાનું શાસન સંપૂર્ણ પડી ભાંગ્યુ છેઃ સુપ્રીમ કોર્ટ

## પોતાના એક ચુકાદાનો સંદર્ભ ટાંકતા બેન્ચે જણાવ્યું હતું કે, દીવાની વિવાદના કિસ્સામાં ફરિયાદ દાખલ ના કરી શકાય

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૮

દીવાની વિવાદોના કિસ્સાઓમાં ઉત્તરપ્રદેશ પોલીસ દ્વારા આડેધડ ફાઈલ કરાતી એફઆઈઆરના મામલે રોષ વ્યક્ત કરતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, રાજ્યમાં કાયદાનું શાસન સંપૂર્ણ પડી ભાંગ્યુ છે. નાણાંની લેવડ-દેવડના એક કેસમાં સુનાવણી દરમિયાન જસ્ટિસ સંજીવ ખન્ના, સંજય કુમાર તથા કે.વી. વિશ્વાનાથનની બેન્ચે જણાવ્યું હતું કે, દીવાની મામલાને ફોજદારી કેસમાં તબદીલ કરવાની બાબત કોઈ પણ હિસાબે સ્વીકારી ના શકાય. ઉત્તરપ્રદેશમાં કાયદાનું શાસન સંપૂર્ણ રીતે પડી ભાંગ્યુ છે. સર્વોચ્ચ અદાલતે આ મુદ્દે રાજ્યના ડીજીપીને બે સપ્તાહમાં સોગંદનામું દાખલ કરવા નિર્દેશ આપ્યો છે. દીપક બહલ નામના એક કારોબારીએ નાણાંના વિવાદ મામલે દેબુ સિંહ અને દીપક સિંહ નામના બે આરોપીઓ સામે કરેલાં ફોજદારી કેસને અલ્હાબાદ હાઈકોર્ટે રદ્દ કરવાનો ઈનકાર કરતાં બંને આરોપીઓએ સુપ્રીમનું શરણું લીધું હતું. સર્વોચ્ચ અદાલતે આરોપીઓ સામેની ફોજદારી કાર્યવાહી સામે મનાઈ હુકમ જારી કર્યો હતો.પોતાના એક ચુકાદાનો સંદર્ભ ટાંકતા બેન્ચે જણાવ્યું હતું કે, દીવાની વિવાદના કિસ્સામાં ફરિયાદ દાખલ ના કરી શકાય. બેન્ચે ગૌતમ બુદ્ધ નગર જિલ્લાના પોલીસ સ્ટેશનના ઓફિસર અથવા તપાસ અધિકારીને દીવાની કેસમાં ફોજદારી કાયદો કેમ લાગુ કર્યો તેની સ્પષ્ટતા કરતું સોગંદનામું દાખલ કરવા પણ આદેશ આપ્યો હતો. બેન્ચે જણાવ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં રોજેરોજ આંચકાજનક ઘટનાઓ બની રહી છે. દરરોજ દીવાની મુકદમાઓને ફોજદારી કેસોમાં તબદીલ કરાઈ રહ્યાં છે. આ અત્યંત વિચિત્ર છે. અમે તપાસ અધિકારીને અમારી સમક્ષ હાજર રહેવા આદેશ આપીએ છીએ. બેન્ચે ઉત્તરપ્રદેશના વકીલોની પણ ઝાટકણી કાઢતા જણાવ્યું હતું કે, એવું જણાય છે કે, રાજ્યના વકીલો એ બાબત ભૂલી ગયા છે કે દીવાની ન્યાયક્ષેત્ર જેવું પણ કંઈ અસ્તિત્વ ધરાવે છે.

# સત્વ સુકુન લાઈફકેર લિમિટેડને રૂ. ૪૯.૫૦ કરોડના રાઈટ્સ ઈશ્યૂ માટે BSE તરફથી સૈદ્ધાંતિક મંજૂરી મળી




મુંબઈ હોમ ડેકોર(ગૃહ સજાવટ) અને વિવિધ સુગંધિત પ્રોડક્ટના ઉત્પાદન સાથે સંકળાયેલી સત્વ સુકુન લાઈફકેર લિમિટેડ (BSE : 539519) કંપનીને તેના રૂ. ૪૯.૫૦ કરોડના પ્રસ્તાવિત રાઈટ્સ ઈશ્યૂ માટે બોમ્બે સ્ટોક એક્સચેન્જ(BSE) તરફથી સૈદ્ધાંતિક મંજૂરી મળી ગઈ છે. કંપનીને આ મંજૂરી ૨૭ માર્ચ, ૨૦૨૫ ના દિવસે મળી હતી.

સત્વ સુકુન લાઈફકેર લિમિટેડ કંપની, આ રાઈટ્સ ઈશ્યૂમાંથી મળેલી ચોખ્ખી આવકનો ઉપયોગ વિશેષ કરીને, કાર્યકારી મૂડીની જરૂરિયાતોને પૂર્ણ કરવા, વ્યવસાયના વિસ્તરણને સમર્થન આપવા અને હાલની પેટાકંપનીઓમાં રોકાણ કરવા માટેનો ઉદ્દેશ્ય ધરાવે છે. આ ઉપરાંત, આ ફંડનો ઉપયોગ વ્યવસાય વિસ્તરણ અને વૈવિધ્યકરણ માટે નવી પેટાકંપનીઓ અથવા સહયોગી કંપનીઓ બનાવવા અથવા હસ્તગત કરવા અથવા ઉચ્ચ વૃદ્ધિ ક્ષમતા ધરાવતી કંપનીઓમાં રોકાણ કરવા માટે પણ થઈ શકે છે. આ ડેવલપમેન્ટ અંગે સત્વ સુકુન લાઈફકેર લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર મીત બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, ક્રરાઈટ્સ ઈશ્યૂ માટે ગ્લ્ તરફથી સૈદ્ધાંતિક મંજૂરી મળવી એ ખરેખર, અમારા માટે એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન છે. અમે અમારી બજાર સ્થિતિને મજબૂત બનાવવા અને બર્નર મેન્યુફેક્ચરિંગમાં નવીનતાને આગળ વધારવાનું કામ આગળ પણ જારી રાખીશું. આ ઈશ્યૂમાંથી મળેલી રકમનો વ્યૂહાત્મક ઉપયોગ અમારી કાર્યકારી મૂડીને મજબૂત કરવા, વ્યવસાયના વિસ્તરણને ટેકો આપવા અને હાલની અને સંભવિત પેટાકંપનીઓમાં રોકાણ કરવા માટે કરવામાં આવશે. અમારા -ીમિયમ એરોમા અને હોમ ડેકોર ઉત્પાદનો માટે અમારી માંગ સતત વધી રહી છે. વળી, આ મૂડી રોકાણ અમને કામગીરીને વધારવા, ઉત્પાદનમાં નવીનતા વધારવા અને અમારી બજારમાં હાજરીને વિસ્તૃત કરવામાં અમને વધુ સક્ષમ બનાવશેઁ.

સત્વ સુકુન લાઈફકેરે ડિસેમ્બર-૨૦૨૪ માં પૂરા થયેલા નવ મહિનાના સમયગાળામાં મજબૂત નાણાકીય કામગીરી નોંધાવી હતી. જેમાં કંપનીની આવકમાં ૬૫ુ નો વધારો થયો હતો અને ચોખ્ખો નફો 126% વધ્યો હતો, જે તેની કાર્યકારી કાર્યક્ષમતા દર્શાવે છે. સત્વ સુકુન લાઈફકેર નવી તકોનો લાભ લેવા, તેના ડિજિટલ ફૂટપ્રિંટ(પદચિહ્ન)ને વિસ્તૃત કરવા અને તમામ હિસ્સેદારોને મૂલ્ય પહોંચાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

પાકિસ્તાનના પત્રકારે કરેલો 'વિસ્ફોટ'

# તાલિબાને બાગરામ એરબેઝ અમેરિકાને સોંપી દીધું છે ? ચીન ચિંતામાં પડી ગયું

(સંપૂર્ણ સમાચાર સેવા)
કાબુલ, તા.૮

અફઘાનિસ્તાનનું બાગરામ એરબેઝ તે સમગ્ર વિસ્તારમાં વ્યૂહાત્મક દ્રષ્ટિએ અતિ મહત્ત્વનું છે. તે વિષે પ્રાપ્ય અહેવાલો માનીએ તો, તાલિબાનોએ તે એરબેઝ અમેરિકાને સોંપી દીધું છે. ખામા ન્યૂઝ એજન્સી જણાવે છે કે, અમેરિકાનું વિશાળ માલવાહક વિમાન સી-૧૭ આ એરબેઝ પર ઉતર્યું હતું અને તેણે લશ્કરી સાધનો, યુદ્ધમાં ઉપયોગી બને તેવાં વાહનો, તેમજ જાસૂસી અધિકારીઓને તે એરબેઝ પર ઉતાર્યા હતા. પાકિસ્તાનના પત્રકારે આ વિસ્ફોટ કરતાં આસપાસના દેશોમાં હલચલ મચી ગઈ છે. ચીન ચિંતાગ્રસ્ત થઈ ગયું છે. જોકે તાલિબાનોએ મિડીયા હેન્ડલ પર આ દાવાને નકારી કાઢ્યા છે.૨૦૨૧માં અમેરિકાનું સૈન્ય અફઘાનિસ્તાનમાંથી ગયું ત્યારે ચીન તેની ઉપર ટાંપીને બેઠું હતું. ચીનનું એક પ્રતિનિધિ મંડળ તે એરબેઝ પહોંચ્યું પણ હતું. તે અંગે પાકિસ્તાનના પત્રકાર ઝરક શબાબે મીડીયમ વેબસાઈટ ઉપર માહિતી આપતાં જણાવ્યું. તે લશ્કરી સાધનો સાથે અમેરિકાના જાસૂસોની એક ટુકડી તો આવી જ હતી, પરંતુ તે સાથે અમેરિકાની આંતરરાષ્ટ્રીય જાસૂસી સંસ્થા સીઆઈએના ડેપ્યુટી ચીફ પણ બાગરામ વિમાન મથકે ઉતર્યા હતા.

પાકિસ્તાનના પત્રકારે વધુમાં જણાવ્યું હતું કે બાગરામ એરબેઝનું વ્યૂહાત્મક મહત્ત્વ અમેરિકા બરોબર જાણે છે. તાલિબાનો ભલે ના કહે પરંતુ અમેરિકા તે એરબેઝ પોતાના હાથમાં રાખવા માગે જ છે.પહેલાં તો તાલિબાનો તે એરબેઝ અમેરિકાને સોંપવા તૈયાર ન હતા પરંતુ તાજેતરમાં બનતી ઘટનાઓએ તેને તેમ કરવાની ફરજ પાડી છે. વાસ્તવમાં આઈએસકેપી આતંકવાદીઓ અમેરિકા તેમજ તાલિબાનના શત્રુ છે. તેને પાકિસ્તાન તાલિમ આપી રહ્યું છે. તેથી તે જૂથની સામે તાલિબાનોને સહાયની જરૂર છે.બીજી મહત્ત્વની વાત તે છે કે, તાલિબાનોને પૈસાની જરૂર છે. જે અમેરિકા આપી શકે તેમ છે. તો બીજી તરફ તાલિબાનોને અમેરિકા પાસે તેમની રાજદ્વારી સ્વીકૃતિની પણ જરૂર છે. અમેરિકા રાજદ્વારી સ્વીકૃતિ આપે તો તેના ઘણા અનુયાયી દેશો તરફથી રાજદ્વારી સ્વીકૃતિ મળી શકે.હવે ચીનની મૂંઝવણ વધી છે. તે એરબેઝ ચીનની સરહદની નજીક છે. તેમાં અમેરિકા વધુ રોકાણ કરી તે વિમાન મથક વિસ્તારે પણ ખરૂં. અત્યારે જ તે સી-૧૭ જેવાં વિશાળ વિમાન ઉતારી શકે તેમ છે. આથી ડ્રેગનની ઊંઘ ઉડી ગઈ છે.

યુરોપના દેશો સંગઠિત રહે તો અમેરિકાની સ્થિતિ નબળી થવી નિશ્ચિત

# યુરોપ-એશિયાના અનેક દેશોને ટેરિફ વોર ઠંડી પડવાની આશા

## લિન જિઆને કહ્યું હતું કે, અમેરિકા ફર્સ્ટનો અભિગમ વૈશ્વિક નિયમોથી વિપરિત છે અને અર્થતંત્રને કચડવાનો પ્રયાસ છે

બેંગકોક, તા.૮

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ વોરનું રણશિંગુ ફૂંકી દેતાં સમગ્ર વિશ્વના બજારોમાં ખળભળાટ મચી ગયો છે. ટેરિફમાં પુનઃવિચારણા બાબતે અમેરિકા સાથે વાટાઘાટોની શક્યતા અંગે દ્વિધા વધી રહી હોવાથી સોમવારે તમામ બજારોએ કડાકો અનુભવ્યો હતો. આર્થિક મોરચે વ્યાપક બની રહેલા ટેરિફ વોરને ઠંડુ પાડવા યુરોપ અને એશિયાના અનેક દેશોએ પોતાના પ્રતિનિધિઓને અમેરિકા મોકલવાનો નિર્ણય લીધો છે. ડામાડોળ બજારો વચ્ચે વિશ્વના સૌથી મોટા અર્થતંત્ર સાથેના સંબંધોનું પુનઃમૂલ્યાંકન કરવાની મથામણ વચ્ચે જર્મનીના લક્ઝમબર્ગમાં યુરોપીયન સંઘના દેશોની બેઠક યોજાઈ રહી છે. આ બેઠકમાં જર્મનીના આર્થિક મંત્રી રોબર્ડ હેબેકે જણાવ્યુ હતું કે, ટેરિફમાં વ્યાપક સુધારા નરી મૂર્ખામી છે અને તેમાંથી બાકાત રહેવામાં એકાદ-બે દેશને સફળતા મળે તો પણ આ પ્રકારના પ્રયાસો અગાઉ ક્યારેય ફળદાયી રહ્યા નથી. યુરોપના દેશો સંગઠિત રહે તે મહત્ત્વનું છે. ટ્રમ્પના આ પગલાએ અમેરિકાની નબળી સ્થિતિને પુરવાર કરી છે ત્યારે યુરોપના દેશો મજબૂત સ્થિતિમાં છે. જર્મનીએ અમેરિકાની નબળી આર્થિક સ્થિતિ અંગે ટિપ્પણી કરી તે પહેલા ચીને અમેરિકા પર ૩૪ ટકા ટેરિફ લાદીને ટ્રેડ વોરને વધુ હવા આપી છે.ચીનના વિદેશી બાબતોના પ્રવક્તા લિન જિઆને કહ્યું હતું કે, અમેરિકા ફર્સ્ટનો અભિગમ વૈશ્વિક નિયમોથી વિપરિત છે અને અર્થતંત્રને કચડવાનો પ્રયાસ છે. ચીનના જવાબી પગલા બાદ હોંગકોંગ શેર બજારના ઈન્ડેક્સમાં ૧૩.૨ ટકા અને શાંગાઈ કોમ્પોઝિટ ઈન્ડેક્સમાં ૭.૩ ટકાનોકડાકો આવ્યો હતો. દક્ષિણ કોરિયાના વાણિજ્ય મંત્રાલયે પોતાના પ્રતિનિધિને વોશિંગ્ટન મોકલવાનો નિર્ણય લીધો છે. જેમાં અમેરિકાએ કોરિયા પર લાદેલા ૨૫ ટકા ટેરિફ બાબતે વાટાઘાટો કરવામાં આવશે. પાકિસ્તાન પર ૨૯ ટકા ટેરિફ લાગુ થયો હોવાથી પાકિસ્તાનના પ્રતિનિધિ અમેરિકા જવાના છે. પાકિસ્તાનના નબળા અર્થતંત્ર પર અમેરિકાના ટેરિફની અસરના મૂલ્યાંકન માટે વડાપ્રધાને નાણામંત્રી મોહંમદ ઔરંગઝેબને સૂચના આપી છે. પાકિસ્તાનમાંથી દર વર્ષે ૫ અબજ ડોલરના ઉત્પાદનો અમેરિકા જાય છે.

બંને દેશના વિદેશમંત્રીઓએ કરી ટેલિફોનિક વાતચીત

# ટેરિફ વૉરઃ ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર કરવામાં આવશે

## અમેરિયકથી બ્રેન્ડન લીંચ હાલમાં જ તેમના પ્રતિનિધિ મંડળ સાથે ભારત સાથે વેપાર અંગે ચર્ચા કરવા માટે દિલ્હી આવ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૮

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દુનિયાના અનેક દેશો પર ટેરિફની જાહેરાત સાથે ટ્રેડ વૉર શરૂ કર્યું છે. જે બાદ એશિયા, યુરોપ તથા અમેરિકાના શેર બજારમાં હાહાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. ગઈકાલે ભારતીય શેર બજારમાં પણ લાખો કરોડ રૂપિયાનું ધોવાણ થયું. ભારત સરકાર પર અમેરિકા સાથે ટ્રેડ ( વેપાર કરાર ) કરવાનું દબાણ વધી રહ્યું છે. એવામાં ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો સાથે ટેલિફોનિક વાતચીત કરી છે. જયશંકર અને રૂબિયોએ અમેરિકા અને ભારત વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર અંગે વિસ્તૃત ચર્ચા કરી. બંને પક્ષે વહેલામાં વહેલી તકે વેપાર કરારને અંતિમ રૂપ આપવા પર સંમતિ દર્શાવી છે. નોંધનીય છે કે અમેરિયકથી બ્રેન્ડન લીંચ હાલમાં જ તેમના પ્રતિનિધિ મંડળ સાથે ભારત સાથે વેપાર અંગે ચર્ચા કરવા માટે દિલ્હી આવ્યા હતા. આ સિવાય જયશંકર અને રૂબિયોએ અન્ય ક્ષેત્રીય તથા વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી. ટ્રમ્પ વહીવટી તંત્ર દ્વારા ભારતમાંથી અમેરિકામાં થતી નિકાસ પર ૨૬ ટકા ટેરિફ લગાવવામાં આવ્યા પછી ભારત દ્વારા અમેરિકા પર જવાબી કાર્યવાહી કરવામાં આવે તેની શક્યતા ઓછી છે. ભારત દ્વિપક્ષીય વેપાર સમજૂતીને વહેલામાં વહેલી તકે અંતિમ સ્વરૂપ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ટ્રમ્પના ટ્રેડ વોરને કારણે ભારત સહિતના વૈશ્વિક શેર બજારોમાં મોટા પાયે ઘટાડો થયો હોવા છતાં ભારત દ્વારા અમેરિકા પર જવાબી કાર્યવાહી કરવામાં આવવાની સંભાવના ઓછી છે.

# અંકલેશ્વરમાં ભાજપ સ્થાપના દિવસે મોટી સફળતા

## પૂર્વ સાંસદ રંજનબેન ભટ્ટની હાજરી માં કોંગ્રેસના ૫૦ કાર્યકરે ભાજપમાં પ્રવેશ કર્યો





**■ અંકલેશ્વર, તા.૦૮**


અંકલેશ્વરમાં ભાજપના સ્થાપના દિવસની ઉજવણી દરમિયાન મહત્વપૂર્ણ ઘટનાક્રમ સામે આવ્યો છે. મા શારદા ભવન ટાઉનહોલ ખાતે યોજાયેલા સક્રિય કાર્યકર્તા સંમેલનમાં કોંગ્રેસના ૫૦ થી વધુ કાર્યકરોએ ભાજપનો કેસરયો ખેસ ધારણ કર્યો છે.

આ કાર્યક્રમમાં વડોદરાના પૂર્વ સાંસદ રંજનબેન ભટ્ટે વિશેષ ઉપસ્થિતિ નોંધાવી હતી. તેમણે કાર્યકરોને જનસંઘથી લઈને ભાજપ સુધીની વિકાસયાત્રાની માહિતી આપી હતી. ભાજપ દ્વારા ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભામાં સક્રિય કાર્યકર્તા સંમેલનનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

કાર્યક્રમમાં અંકલેશ્વરના ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ, ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદી, અંકલેશ્વર શહેર ભાજપ પ્રમુખ ધર્મેન્દ્ર પુષ્કણા હાજર રહ્યા હતા.

અંકલેશ્વર નગર સેવાસદનના પ્રમુખ લલિતા રાજપુરોહિત અને કારોબારી અધ્યક્ષ નિલેશ પટેલ સહિત જિલ્લા ભાજપના આગેવાનો અને સક્રિય કાર્યકર્તાઓએ પણ હાજરી આપી હતી. નવા જોડાયેલા કાર્યકરોને ભાજપના આગેવાનોએ ખેસ પહેરાવીને પક્ષમાં આવકાર્યા હતા.

# ભરૂચ એલસીબી પોલીસે ઘરફોડ ચોરી કરતી સિકલીગર ગેંગના 3 ને દબોચ્યા, અંકલેશ્વર જુના હાઇવે ફાટક પાસે થી રૂ. ૫.૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત




**■ અંકલેશ્વર, તા.૦૮**

ભરૂચ ક્રાઇમ બ્રાન્ચે અંકલેશ્વરમાંથી ત્રણ રીઢા ગુનેગારોની ધરપકડ કરી છે. પોલીસને મળેલી બાતમીના આધારે આરોપીઓને અંકલેશ્વર એલસીબી ઓફિસ નજીક રેલવે લાઇન ફાટક પાસેથી નંબર પ્લેટ વગરની કાર સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. પૂછપરછ દરમિયાન આરોપીઓએ બે ઘરફોડ ચોરીની કબૂલાત કરી હતી.

ૠરાજપારડી પો.સ્ટે.ના અવિધા ગામે તથા ઝઘડીયા ટાઉનમાં થયેલ ઘરફોડ ચોરીમાં ભરૂચનો અર્જુનસીંગ મખ્ખનસીંગ સિકલીગર તથા તેના મિત્ર શેરાસીંગ મોતીસીંગ સિકલીગર તથા લખનસીંગ કિરપાલસીંગ સિકલીગર નાઓ સંડોવાયેલ છે જે ત્રણેય નંબર પ્લેટ વગરની ગ્રે કલરની વર્ના ફોર વ્હીલ ગાડી લઇને સુરતથી નીકળી અંક્લેશ્વર જુના ને.હા. નંબર- ૦૮ ઉપરથી પસાર થઇ ભરૂચ તરફ જનાર છેહ્ન જે બાતમી હકીકત આધારે અંક્લેશ્વર એલ.સી.બી. ઓફીસ નજીક રેલ્વે લાઇન ફાટક પાસેથી ઉપરોક્ત નંબર પ્લેટ વગરની વર્ના ફોર વ્હીલ ગાડી સાથે ત્રણે ઈસમોને ઝડપી પાડી તેઓને અંક્લેશ્વર એલ.સી.બી. ઓફીસ ખાતે લઇ આવી તેઓની ઉંડાણપુર્વક પુછપરછ કરતા ત્રણેય આરોપી ભાંગી પડેલ અને કબુલાત તેઓએ ચોરી કરેલ હોવાની કબુલાત કરતા અર્જુનસીંગ નાઓએ જણાવેલ કે, આજથી આશરે વીસેક દિવસ પહેલા લખનસીંગ તથા તેના બનેવી શેરાસીંગ ગ્રે કલરની વર્ના ફોર વ્હીલ ગાડી નંબર જીજે ૧૬ બીએન ૧૯૬૦ ની લઇને મારા ઘરે આવેલ અને મોડી રાતે હું તથા લખનસીંગ તથા શેરાસીંગ નાઓ સાથે મળી વર્ના ફોર વ્હીલ ગાડી નંબર જીજે ૧૬ બીએન ૧૯૬૦ ની નંબર પ્લેટ કાઢી નાખી અવિધા ગામમાં એક મકાનમાં દરવાજાના નકુચા તોડીને ઘરમાં ઘુસી સોના ચાંદીના દાગીનાની ચોરી કરેલ ત્યાર બાદ ફરીથી સાંજે આ લખનસીંગ તથા શેરાસીંગ રાત્રીના સમયે મારા ઘરે આવેલ અને મોડી રાત્રે અમે ત્રણેય નંબર પ્લેટ કાઢી નાખી વર્ના ગાડી લઇને ઝઘડીયા તરફ ગયેલ અને ઝઘડીયા ટાઉનમાં એક મકાનનો દરવાજાનો નકુચો તોડી ઘરમાં ઘુસી કબાટમાંથી સોના ચાંદીના દાગીનાની ચોરી કરેલ અને અમે આ બન્ને ચોરીના દાગીના વેચાણ કરી જે પૈસા મળેલ તેના અમે ત્રણેય સરખા ભાગ પાડી લીધેલ હોવાની હકીકત જણાવેલ તેમજ આરોપી લખનસીંગ તથા શેરાસીંગ નાઓ પોતે વડોદરા તથા ગોધરાના કુલ-૧૦ ચોરીના ગુનામાં પકડાવવાના બાકી હોવાની કબુલાત કરેલ જેથી પોલીસે આરોપીઓ લખનસીંગ કીરપાલસીંગ સરદાર રહે, ગોસ્કર દરવાજા લાઠીની સામે વડનગર તા વડનગર જી-મહેસાણા, અર્જુનસીંગ મખ્ખનસીંગ સિકલીગર રહે, ૨૪૧, ગ્રીન પાર્ક જીતાલી તા. અંક્લેશ્વર જી-ભરૂચ અને શેરાસીંગ મોતીસીંગ સિકલીગર રહે, સંતોષવાડી, દંતેશ્વર, વડોદરા ના ઓ પાસે થી સોના ચાંદી ના દાગીના તેમજ ચોરી માં વપરાયેલ કાર સહિત કુલ રૂ ૫,૬૦,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી બી.એન.એસ.એસ. ની સંલગ્ન કલમ મુજબ કાયદેસર કાર્યવાહી કરી આગળની તપાસ અર્થે અંક્લેશ્વર શહેર એ ડીવીઝન પો.સ્ટે ખાતે સોપી, ઝઘડીયા તથ રાજપારડી પો.સ્ટે. ખાતે જાણ કરવામાં આવેલ છે.

## ઝઘડીયા પોલીસ નો રામનવમી થી નવતર અભિગમ આરોપીઓને રામાયણની ભેટ, ગુનાખોરી છોડી સારા માર્ગે ચાલવાની સમજ અપાઇ



ઝઘડિયા જીઆઇડીસી પોલીસની નવતર પહેલ-રામનવમીના શુભ અવસરે શરતી જામીનના આરોપીઓને રામાયણ ભેટ આપીને સારા માર્ગે ચાલવાની સમજ આપી નવો ચિલો ચિતર્યો છે. પીએસઆઇ પી.કે.રાઠોડે આ -સંગે જણાવ્યું કે ઝઘડિયા પોલીસ સ્ટેશનના ગુના હેઠળ શરતી જામીનના આરોપી દેવીસિંગ વસાવા (રહે. વીરવાડી), દાઉદ વસાવા (રહે. વીરવાડી) તથા કમલેશ વસાવા (રહે. વીરવાડી) હાલ શરતી જામીન પર મુકત થયાં છે. તેઓ હાજરી ભરાવવા તેમના નજીકના ઝઘડિયા જીઆઇડીસી પોલીસ સ્ટેશન ખાતે આવ્યાં હતાં. રામનવમીના પાવન અવસરે તેઓને રામાયણની ભેટ આપીને સારા માર્ગ પર ચાલવાની સમજ આપવામાં આવી હતી અને સારા કાર્યો કરવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી.ઉલ્લેખનીય છે કે આ આરોપીઓ જેલની સજા ભોગવ્યા બાદ શરતી જામીન પર છુટ્યા હતા,હવે પછીની બાકીની જીંદગી રામાયણના પઠન સાથે સારા રસ્તે વિતાવી શકે તે માટે આ ઉમદા કાર્ય કરાયું છે.ઉપરાંત પોલીસ મથકના સ્ટાફને પણ રામનવમીના પાવન દિવસે રામાયણની ભેટ આપવામાં આવી હતી.

### યુપીના અલીગઢમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો

# અલીગઢમાં સાસુ તેના થનારા જમાઈ સાથે ભાગી ગઈ

## તે ઘરમાંથી પૈસા અને ઘરેણાં પણ લઈ ગઈ પરિવારના સભ્યોની ફરિયાદના આધારે પોલીસે ગુમ વ્યક્તિનો કેસ નોંધ્યો છે

*અલીગઢ,તા.૮*

*યુપીના અલીગઢમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક સાસુએ પોતાની દીકરીના લગ્નના નવ દિવસ પહેલા એવું કામ કર્યું કે જે લોકો તેને સાંભળે છે તેમને વિશ્વાસ જ ન આવે. સંબંધોની બધી ગરિમાને અવગણીને, સાસુ તેના થનારા જમાઈ સાથે ભાગી ગઈ. તે ઘરમાંથી પૈસા અને ઘરેણાં પણ લઈ ગઈ. પરિવારના સભ્યોની ફરિયાદના આધારે પોલીસે ગુમ વ્યક્તિનો કેસ નોંધ્યો છે અને શોધખોળ હાથ ધરી છે.*

**તંત્રી લેખ**

*આ ઘટના અલીગઢના એક ગામ સાથે સંબંધિત છે. પ્રાપ્ત મદ્રક પોલીસ સ્ટેશન વિસ્તારના માહિતી અનુસાર, આ ગામમાં રહેતા એક વ્યક્તિએ પોતાની પુત્રીના લગ્ન અલીગઢના દાદોન પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામના છોકરા સાથે નક્કી કર્યા હતા. લગ્નની તારીખ ૧૬ એપ્રિલ નક્કી કરવામાં આવી હતી. લગ્નની વિધિઓ પણ કરવામાં આવી રહી હતી. છોકરીના માતા-પિતા દ્વારા ૨ એપ્રિલના રોજ પીળો પત્ર મોકલવામાં આવ્યો હતો અને ૩ એપ્રિલના રોજ થવાના જમાઈને મોબાઈલ ફોન ભેટમાં આપવામાં આવ્યો હતો.*

*કહેવામાં આવી રહ્યું છે કે આ પછી સાસુએ તેના જમાઈ સાથે સતત વાત કરવાનું શરૂ કર્યું. તેમની વચ્ચેની વાતચીત લાંબી થતી ગઈ. બંનેએ પણ ગુપ્ત રીતે વાત કરવાનું શરૂ કર્યું. એવું કહેવામાં આવી રહ્યું છે કે રવિવારે જમાઈ તેના પરિવારના સભ્યોને લગ્નના કપડાં ખરીદવા જઈ રહ્યો હોવાનું કહીને ઘરેથી નીકળી ગયો હતો. બાદમાં તેણે તેના પિતાને ફોન કરીને કહ્યું કે હું જાઉં છું, મને શોધવાનો પ્રયાસ ના કરો. આટલું કહીને તેણે ફોન કાપી નાખ્યો. દીકરાની આ વાત સાંભળીને પિતા બેચેન થઈ ગયા. છતાં, પરિવારના સભ્યોએ વિચાર્યું કે કદાચ તે કોઈ વાતની ચિંતા કરતો હશે. તે સાંજ સુધીમાં પાછો આવશે, અથવા વાત કરશે, પરંતુ જ્યારે સાંજ સુધી ફોન ચાલુ ન થયો, ત્યારે યુવાનના પિતાએ તેના પુત્રના ભાવિ સાસરિયાઓને ફોન કર્યો. તેણે પૂછ્યું કે શું તેનો દીકરો ત્યાં આવ્યો હતો? આના પર ખબર પડી કે છોકરીની માતા પણ તે જ સાંજે ઘરેથી નીકળી ગઈ હતી. જ્યારે તે મોડી સાંજ સુધી પાછી ન આવી, ત્યારે છોકરીના પિતાએ કબાટ તપાસ્યું.*

# અંકલેશ્વરમાં ગૌવંશ સાથે એક કસાઈની ધરપકડ, બે ફરાર,

## ગાય અને ટેમ્પો સહિત ૬૦ હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો

**■ અંકલેશ્વર, તા.૦૮**



અંકલેશ્વર શહેરના કસાઈવાડ વિસ્તારમાં પોલીસે દરોડો પાડી ગૌવંશ સાથે એક ખાટકીને ઝડપી પાડ્યો છે. બે આરોપીઓ ફરાર થયો છે, પોલીસે ફરાર આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. બાતમીના આધારે પોલીસે કાર્યવાહી કરી હતી. અંકલેશ્વરના કસાઈવાડમાં રહેતો કદીર અલ્લારખા કુરેશી અને સાહિદ ઉર્ફે તાઉ રસીદ કુરેશી થ્રી વ્હીલ ટેમ્પોમાં ગૌવંશ લઈને આવ્યા હતા. તેઓ કસાઈવાડ માર્કેટમાં ગૌહત્યા માટે ગાયને ઉતારી રહ્યા હતા. પોલીસના દરોડા દરમિયાન બંને મુખ્ય આરોપીઓ ગલીમાં થઈને ભાગી છૂટ્યા હતા. જો કે, પોલીસે કસાઈવાડ ફરીદ બેકરી પાસે રહેતા અતીક એહમદ કુરેશીની ધરપકડ કરી છે. પોલીસે ઘટનાસ્થળેથી ૧૦ હજારની કિંમતની એક ગાય અને ટેમ્પો મળી કુલ ૬૦ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ફરાર થયેલા બંને આરોપીઓની શોધખોળ શરૂ કરૂ છે.

# ભરૂચના સીમલીયામાં વીજપોલ પર મરામત સમયે વીજકર્મી લટકી ગયો વીજલાઈનમાં રિવર્સ કરંટથી દુર્ઘટના, ગામલોકોએ બચાવ્યો

**■ અંકલેશ્વર, તા.૦૮**

ભરૂચ જિલ્લાના પાલેજ તાલુકાના સીમલીયા ગામમાં વીજ લાઈનની મરામત દરમિયાન એક ગંભીર ઘટના સામે આવી છે. વીજ કર્મચારીને રિવર્સ કરંટ લાગતા તે વીજ પોલ પર લટકી ગયો હતો. વિગત માં બે જીઈબી કર્મચારીઓ વીજ લાઈનની મરામત કરી રહ્યા હતા. એક કર્મચારી વીજ પોલ પર કામગીરી કરી રહ્યો હતો. આ સમયે બંધ વીજ લાઈનમાં અચાનક રિવર્સ કરંટ આવ્યો. કર્મચારીને કરંટ લાગતા તે વીજ પોલ પર જ લટકી ગયો. આ દ્રશ્ય જોઈને આસપાસના ગ્રામજનો તરત જ દોડી આવ્યા. લોકોએ સૂઝબૂઝ વાપરીને કર્મચારીને સલામત રીતે નીચે ઉતાર્યો. તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો. કર્મચારીને હાથ અને શરીરના કેટલાક ભાગમાં દાઝી જવાની ઈજાઓ થઈ છે. વિજ વિભાગે ઘટનાની તપાસ શરૂ કરી છે. બંધ વીજ લાઈનમાં રિવર્સ કરંટ કેવી રીતે આવ્યો અને સુરક્ષાના સાધનોના ઉપયોગમાં કોઈ ખામી રહી કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે.

### સુડોકુ નં. ૨૧૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | | | 8 | | 2 | | |
| | | | 9 | 1 | | | 8 | 3 |
| | | | | | 7 | | 9 | |
| 9 | | 8 | 4 | 6 | 3 | | | 5 |
| | | | | | | | | |
| 3 | | | 5 | 9 | 8 | 7 | | 4 |
| | 8 | | 1 | | | | | |
| 6 | 1 | | | 7 | 9 | | | |
| | | 2 | | 4 | | | 1 | |

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૨૧૭નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 3 | 4 | 5 | 2 | 6 | 7 | 9 |
| 9 | 7 | 2 | 3 | 1 | 6 | 4 | 8 | 5 |
| 4 | 6 | 5 | 9 | 8 | 7 | 3 | 1 | 2 |
| 6 | 2 | 8 | 1 | 7 | 9 | 5 | 4 | 3 |
| 7 | 9 | 1 | 5 | 3 | 4 | 2 | 6 | 8 |
| 3 | 5 | 4 | 2 | 6 | 8 | 7 | 9 | 1 |
| 1 | 4 | 7 | 8 | 2 | 3 | 9 | 5 | 6 |
| 2 | 8 | 9 | 6 | 4 | 5 | 1 | 3 | 7 |
| 5 | 3 | 6 | 7 | 9 | 1 | 8 | 2 | 4 |

### રાશિ ભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** સંતાનો તમારા કહ્યામાં ન રહેતા મન અશાંત રહે. પત્ની સાથે વિવાદ ટાળવા. મોટા સાહસ કે ખોટા રોકાણો કરવા નહીં. વિવાદમાં ઉતરવું નહીં .પેટ,આંતરડા સંબંધી તકલીફ સર્જાય.

**વૃષભ(બ.વ.ઉ) :** ભૂતકાળમાં કરેલુ આયોજન સફળ થાય. સગા સ્નેહીઓની ગેરસમજ દૂર થાય. દામ્પત્યજીવન મધુર બને. વ્યવસાયિક કાર્ય અર્થે યાત્રા--વાસ સરળતાથી પાર પાડી શકશો.

**મિથુન(ક.છ.ઘ) :** કચેરીમાં શુભ સમાચાર મળે. ભાગ્યોદયમાં વૃધ્ધિ થાય. આર્થિક ઉન્નતિ થાય. રોકાયેલા નાણાં છુટા થાય. પરિવારમાં -સન્નતાનુ વાતાવરણ રહે. મનોબળ મજબૂત બનશે.

**કર્ક(ડ.હ.):** વડીલોના સહકારથી ધારેલી સફળતા મેળવી શકશો. શુભ દિવસ છે. વાહન અકસ્માતમાથી ઉગરી જવાય. દિવસના પૂર્વાધમાં વધુ આનંદ મળે. હરિફો,-તિસ્પર્ધીઓ ઉપર વિજય મેળવી શકશો.

**સિંહ(મ.ટ.) :** દામ્પત્ય જીવનમાં મતભેદના કારણે મન અશાંત રહે. -ેમ અને નિષ્ઠાની કસોટી થાય. પરિવારમાં ખટરાગ ઉત્પન્ન કરનાર પરિબળો પેદા થાય. વિશ્વાસમાં આવી નિર્ણય લેવો નહીં.

**કન્યા(પ.ઠ.ણ.):** પરિવારમાં સુમેળ રહે. નોકરિયાત વર્ગને -ગતિની ઉત્તમ તકો મળી રહેશે. આધાત્મિક ધાર્મિક ક્ષેત્રે વધુ -ગતિ થાય. સંતાનોના આરોગ્યની ચિંતા દૂર થાય. રમણિય સ્થળોની મુલાકાત લઇ શકશો.

**તુલા(ર.ત.) :** આકસ્મિક ધન લાભ થાય. પરિવારમાં સુમેળ જળવાય. શુભ અવસરમાં હાજરી આપી શકશો. ઘરમાં અને કાર્યક્ષેત્રમાં વૈભવ સમૃદ્ધિની ,સુંદર ચીજવસ્તુઓની ખરીદી કરી શકશો. સ્વાસ્થ્ય સારુ.

**વૃશ્ચિક(ન.ય.) :** સફળતા શોધતી આવે. નેતાગીરીમાં યશ મળે. પરિવાર અને દામ્પત્યજીવનમાં સ્નેહ અને મધુરતા રહે. ધાન્ય ધાતુ અને કાપડમાં નફો થાય. મિત્રોના સાથ-સહકારથી કાર્યક્ષેત્રે -ગતિ વધે.

**ધન(ભ.ધ.ફ.ઢ.):** વડીલોના સ્વાસ્થ્યની ચિંતા રહે. કૌટુંબિક વિખવાદ ઉગ્ર બને. સફળતા આડે અવરોધ અને અણધાર્યા ખર્ચા થાય. હીરાના વેપારમાં ફાયદો રહે. સ્થાયી -ોપર્ટીની ખરીદી કરી શકશો.

**મકર(જ.ખ.):** પૂર્વે કરેલા આયોજનોમાં સફળતા મળે. કાર્યક્ષેત્રને આધુનિક બનાવી શકશો. સગા સ્નેહીઓની ગેરસમજ દૂર થાય. દામ્પત્ય વિવાદમાં સમાધાન વૃત્તિ રહે. પરોપકારવૃત્તિમાં વધારો થાય.

**કુંભ(ગ.શ.સ.) :** કામના સ્થળે સમય સારો જાય. સ્વભાવે ચતુર અને વિનયી બનશો. નવા આયોજનોમાં સફળતા મળે. કાપડના વેપારમાં ફાયદો રહે. તેલના વેપારમાં ફાયદો રહે.આરોગ્ય એકંદરે સારુ રહેશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** લાંબા ગાળાના આયોજનો અને મહત્વના નિર્ણયોમાં સફળતા અને સરળતા રહે. પારાવારિક વિવાદનો અંત આવે. રકતની પીડામાં ઘટાડો થાય. ધાર્મિક, આધાત્મિક -વૃત્તિઓથી પ્રગતિ.

**જ્યોતિષાચાર્ય : ડૉ. મહેશભાઈ દશોરા**
**જ્યોતિષ કાર્યાલય, ડી-૬૧૯, છઠ્ઠા માળે, ઇન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર, મજૂરાગેટ ચાર રસ્તા સુરત -૩૯૫૦૦૨.**
**ફોન નં: (૦૨૬૧) ૨૪૭૭૮૮૦**

### સુવિચાર

■ જે તમારું મૌન સમજી શકતો નથી તે તમારા શબ્દો પણ નહીં સમજી શકે. - એલ્બર્ટ હુબાર્ડ

### પંચાંગ

તા૦૯-૦૪-૨૦૨૫
વાર : બુધ
વિક્રમ સંવત: ૨૦૮૦
મહાવીર જૈન સંવત: ૨૫૪૬
શાલીવાહન શક સંવત : ૧૯૪૧
ખ્રિસ્તી સંવત : ૨૦૨૯
માસ: ચૈત્ર
પક્ષ: સુદ
તિથી : બારસ
પારસી તા. : ૧૮
મુસ્લિમ તા.: ૦૫
નક્ષત્ર: રેવતી
યોગ : સાધ્ય
કરણ : ગર
દિશાશૂલ : પશ્ચિમ દિશા ( આ દિશામાં યાત્રા કરવાથી મુંઝવણ રહે )
રાહુકાળ :૧૦.૩૦ થી ૧૨.૦૦ સુધી ( રાહુકાળમાં કોઇપણ કાર્યનું શુભારંભ ન કરવુ )

ચંદ્ર રાશિ: આજે જન્મેલા બાળકોની રાશિ મીન છે. જેથી જન્મેલા બાળકોના નામ દ.ચ.ઝ.થ. અક્ષર પર રાખી શકાય. સાંજે ક.૧૮ મિ. ૧૧ થી મેષ રાશિ શરૂ થશે. જેથી ક. ૧૮ મિ.૧૧ થી જન્મેલા બાળકોના નામ અ.લ.ઈ અક્ષર પર રાખી શકાય
ગ્રહોનું રાશિ ભ્રમણ આ -માણે છે:
સૂર્ય: મકર ચંદ્ર: મીન/મેષ મંગળ: વૃશ્ચિક બુધ: કુંભ ગુરુ: ધનશુક્ર: કુંભ
શનિ: મકર રાહુ: મિથુન કેતુ: ધન હર્ષલ: મેષ નેપ્ચ્યુન: કુંભ પ્લુટો: ધન
દિવસના ચોઘડીયા:(૧) ચલ (૨) લાભ (૩) અમૃત (૪) કાળ (૫) શુભ (૬) રોગ (૭) ઉદ્વેગ (૮) ચલ
રાત્રિના:- (૧) રોગ (૨) કાળ (૩) લાભ (૪) ઉદ્વેગ (૫) શુભ (૬) અમૃત (૭) ચલ (૮) રોગ

શ્રેયાના એક્સ પર ૬૯ લાખ ફોલોઅર્સ

# શ્રેયા ઘોષાલનું એક્સ એકાઉન્ટ બે મહિના બાદ રિસ્ટોર કરાયું

## જોકે, હજુ પણ શ્રેયા વિશે વિચિત્ર લેખો, એઆઈ જનરેટેડ ઈમેજ સાથે સ્પામ લિંક્સ યથાવત



મુંબઈ, તા.૮

સિંગર શ્રેયા ઘોષાલનું બે મહિના પહેલાં હેક થઈ ગયેલું એક્સ એકાઉન્ટ આખરે રિસ્ટોર થઈ ગયું છે. શ્રેયાએ પોતાને આ એકાઉન્ટ પાછું મળ્યું હોવાની પોસ્ટ મૂકી ખુશી વ્યક્ત કરી હતી. સાથે સાથે તેણે ચાહકોને વચન આપ્યું હતું કે પોતે હવે અગાઉ કરતાં વધારે સક્રિય રહેશે. એક્સ પર શ્રેયા ૬૯ લાખ ફોલોઅર્સ ધરાવે છે.શ્રેયાના જણાવ્યા અનુસાર હજુ પણ એક્સ પ્લેટફોર્મ પર તેના વિશે વિચિત્ર લખાણ ધરાવતા લેખો, એઆઈ જનરેટેડ ઈમેજીસ વગેરે સાથેની સ્પામ લિંક્સ એડ સ્વરુપે મૂકાઈ રહી છે. પોતે આ અંગે એક્સ સાથે ફોલો અપ કરી રહી છે. એક્સ દ્વારા જાહેરખબર સ્વરુપે આવી લિંક્સને પ્રમોટ કરાય છે પરંતુ તેનાથી લોકો ફસાઈ શકે છે. તેણે આશા વ્યક્ત કરી છે કે એક્સ દ્વારા આ લિંક્સ દૂર કરવા માટે પગલાં લેવામાં આવશે. શ્રેયાએ થોડા સમય અગાઉ જણાવ્યું હતું કે તેનું એક્સ એકાઉન્ટ હેક થઈ ગયા બાદ તેને એક્સ પ્લેટફોર્મ તરફથી મદદ મળી રહી નથી. તેને માત્ર ઓટો જનરેટેડ જવાબો જ મળે છે. એકાઉન્ટ રિસ્ટોર થયાની જાહેરાત કરતી વખતે પણ તેણે લખ્યું હતું કે પોતાને આ એકાઉન્ટ પાછું મેળવવામાં ભારે સંઘર્ષ વેઠવો પડયો છે.

દેવું ચૂકવવા માટે બધા ફ્લેટ અને જમીન વેચ્યા

# સાઉથના સ્ટાર મિર્ઝા અબ્બાસ અલીની કામ માટે સ્ટ્રગલ

## ૨૦૦૦ થી ૨૦૦૬ ની વચ્ચે, તેમણે જબરદસ્ત સ્ટારડમનો અનુભવ કર્યો અને ઘણી હિટ ફિલ્મો આપી



મુંબઈ, તા.૮

સાઉથના સ્ટાર મિર્ઝા અબ્બાસ અલી આજકાલ કામ માટે ખુબ સ્ટ્રગલ કરી રહ્યો છે. ઐશ્વર્યા અને તબ્બુ સહિત ઘણી અભિનેત્રીઓ સાથે કામ કર્યુ. તે કમલ હાસન અને મામૂટી જેવા સ્ટાર્સ સાથે પણ જોવા મળ્યો હતો. ૨૦૦૦ થી ૨૦૦૬ ની વચ્ચે, તેમણે જબરદસ્ત સ્ટારડમનો અનુભવ કર્યો અને ઘણી હિટ ફિલ્મો આપી, પરંતુ અચાનક તેમની કારકિર્દી એટલી હદે નીચે આવી ગઈ કે તેમણે ટોઈલેટ ક્લીનર તરીકે કામ કરવાનું શરૂ કર્યુ.અભિનેતા મિર્ઝા અબ્બાસ અલી, જે હવે ફક્ત અબ્બાસના નામથી પ્રખ્યાત છે. મિર્ઝા અબ્બાસે લગભગ બે દાયકા સુધી ફિલ્મ ઉદ્યોગમાં કામ કર્યુ. આ સમય દરમિયાન, તે કમલ હાસન અને શાહરૂખ ખાન સાથે ફિલ્મ 'હે રામ'માં પણ જોવા મળ્યો હતો.મિર્ઝા અબ્બાસ અલીએ ૧૯૯૬માં તમિલ ફિલ્મ કધલ દેશમથી અભિનયની શરૂઆત કરી હતી, જેમાં તબ્બુ અને વિનીત જેવા પ્રખ્યાત સ્ટાર્સ હતા. આ ફિલ્મ સુપરહિટ રહી અને મિર્ઝા અબ્બાસ રાતોરાત તેલુગુ ફિલ્મ ઉદ્યોગમાં પ્રખ્યાત થઈ ગયા. આ પછી તેમણે તેલુગુ સિનેમામાં પણ પ્રવેશ કર્યો. પહેલી તેલુગુ ફિલ્મ પોતે જ હિટ રહી હતી. મિર્ઝા અબ્બાસ અલીએ મલયાલમ ફિલ્મ ઉદ્યોગમાં પણ પોતાની ઓળખ બનાવી. થોડા જ સમયમાં, મિર્ઝા અબ્બાસની ગણતરી દક્ષિણના ટોચના અને લોકપ્રિય સ્ટાર્સમાં થવા લાગી.પરંતુ થોડા વર્ષો પછી, મિર્ઝા અબ્બાસની ફિલ્મો બોક્સ ઓફિસ પર નિષ્ફળ જવા લાગી. સતત ફ્લોપ ફિલ્મો પછી, ફિલ્મ નિર્માતાઓએ મિર્ઝા અબ્બાસ સાથે કામ કરવાનું બંધ કરી દીધું. તે દરમિયાન તેમણે વ્યવસાય કરવાનું વિચાર્યું. દુબઈમાં મિલકત ખરીદતી વખતે મિર્ઝા અબ્બાસના પૈસા ખોવાઈ ગયા. તેમણે લોકોના દેવા ચૂકવવા માટે ઘણા નિર્માતાઓ પાસેથી પૈસા લીધા. પોતાના બિલ ચૂકવવા માટે, તેણે મફતમાં ફિલ્મોમાં નાના રોલ કરવાનું શરૂ કર્યુ.૨૦૦૬ થી, મિર્ઝા અબ્બાસ અલીને તેમની કોઈપણ ફિલ્મ માટે એક પણ રૂપિયો મળ્યો નથી. પરિણામે મિર્ઝા અબ્બાસ અલીને આર્થિક તંગીનો સામનો કરવો પડ્યો. અબ્બાસ પર મોટું દેવું હતું, જેને ચૂકવવા માટે તેણે પોતાના બધા ફ્લેટ અને કોયમ્બેડુમાં આવેલી પોતાની જમીન પણ વેચવી પડી.ત્યારબાદ મિર્ઝા અબ્બાસ અલી ન્યુઝીલેન્ડ ગયા. તે ઓકલેન્ડમાં ટેક્સી ડ્રાઈવર બન્યો, અને ક્યારેક મિકેનિક તરીકે પણ કામ કરતો. આ ઉપરાંત, તેમણે ન્યુઝીલેન્ડમાં ભારતીય ફિલ્મોના શૂટિંગ માટે સ્થાનો શોધવા અને અન્ય વ્યવસ્થા કરવામાં મદદ કરવાનું શરૂ કર્યું. એટલું જ નહીં, તે ન્યુઝીલેન્ડના એક પેટ્રોલ પંપ પર કામ કરતો હતો અને શૌચાલય પણ સાફ કરતો હતો.તેમણે આર્થિક મુશ્કેલીઓ અને ટકી રહેવા માટે કરેલા કામ વિશે કહ્યું હતું કે, 'હું મારા પરિવાર સાથે અહીં આવ્યો હતો અને નવા જીવનમાં એડજસ્ટ થવાનો પ્રયાસ કરી રહ્યો હતો. હું પેટ્રોલ પંપ પર કામ કરતો હતો. મેં બાથરૂમ પણ સાફ કર્યા. ત્યારબાદ મેં ઘરોમાં ઈન્સ્યુલેશનનું કામ કર્યુ, પછી મેં ત્યાં કામ કરવાનું શરૂ કર્યુ જ્યાં મેં મારી બાઈકની સર્વિસ કરાવી. લાંબા સમય સુધી મિકેનિક તરીકે કામ કર્યુ અને ઘણું શીખ્યા. આ પછી, મેં કોલ સેન્ટરમાં વિવિધ હોદ્દા પર કામ કર્યુ અને હવે હું ગુણવત્તા વિશ્લેષક તરીકે કામ કરી રહ્યો છું.

આ ફિલ્મમાં અલ્લુ અર્જુન ડબલ રોલ ભજવશે

# અલ્લુ અર્જુન અને એટલીની ફિલ્મમાંથી પ્રિયંકા ચોપરા આઉટ

## 'એસએસએમબી ૨૯' સાથે, પ્રિયંકા ૨૩ વર્ષના લાંબા ગાળા પછી તેલુગુ સિનેમામાં પરત ફરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૮

તાજેતરમાં એવી અફવાઓ હતી કે પ્રિયંકા ચોપરા અલ્લુ અર્જુન અને એટલીની આગામી ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવશે, પરંતુ સૂત્રોએ તેને ખોટી ગણાવી છે. સુત્રોએ જણાવ્યું છે કે પ્રિયંકા ચોપરા અલ્લુ અર્જુન અને દિગ્દર્શક એટલીની આગામી ફિલ્મનો ભાગ નથીઆ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા એક સૂત્રએ પુષ્ટિ આપી હતી કે, "અલ્લુ અર્જુન અભિનીત અને એટલી દિગ્દર્શિત આ ફિલ્મ ખૂબ જ મોટા પાયે બનાવવામાં આવી રહી છે અને તેની ખૂબ જ અપેક્ષા છે.

જ્યારથી આ પ્રોજેક્ટ જાહેર થયો છે, ત્યારથી તેની સાથે ઘણા નામો જોડાયેલા હોવાની અફવાઓ ચાલી રહી છે. પ્રિયંકા ચોપરાનું નામ પણ ચર્ચામાં રહ્યું છે, પરંતુ તે ક્યારેય આ ફિલ્મનો ભાગ રહી નથી. બધા અહેવાલો ફક્ત અટકળો છે."આ બહુપ્રતિક્ષિત ડ્રામા ફિલ્મમાં અલ્લુ અર્જુન સાથે કોણ જોડાય છે તે જોવું રોમાંચક રહેશે. જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, આ ફિલ્મમાં અલ્લુ અર્જુન ડબલ રોલ ભજવશે, જ્યારે પહેલા એવી ચર્ચા હતી કે ફિલ્મમાં બે હીરો હશે. અલ્લુ અર્જુનની ટીમે પુષ્ટિ આપી છે કે અલ્લુ અર્જુન આ પ્રોજેક્ટમાં મુખ્ય ભૂમિકા ભજવશે. ફિલ્મનું નિર્માણ શરૂઆતના તબક્કામાં હોવાથી, ફિલ્મના કલાકારો, ક્રૂ અને વાર્તા વિશે વધુ વિગતો ગુપ્ત રાખવામાં આવી છે.અલ્લુ અર્જુન છેલ્લે 'પુષ્પા-૨'માં જોવા મળ્યો હતો, જે ખૂબ જ સફળ રહ્યો હતો અને તેણે બોક્સ ઓફિસના ઘણા રેકોર્ડ તોડી નાખ્યા હતા. દરમિયાન, પ્રિયંકા ચોપરા હાલમાં એસએસ રાજામૌલીની ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે. તાજેતરમાં તે ઓડિશામાં એક ફિલ્મનું શૂટિંગ કરી રહી હતી. તેની આગામી ફિલ્મમાં, તે પહેલી વાર મહેશ બાબુ સાથે સ્ક્રીન શેર કરતી જોવા મળશે. આ સાહસિક પ્રોજેક્ટમાં, મહેશ બાબુ ભગવાન હનુમાનથી પ્રેરિત ભૂમિકામાં જોવા મળશે. અહેવાલો અનુસાર, આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ૯૦૦-૧૦૦૦ કરોડ રૂપિયાના વિશાળ બજેટમાં બનાવવામાં આવશે. આ બહુચર્ચિત ફિલ્મ બે ભાગમાં બને તેવી શક્યતા છે.તમને જણાવી દઈએ કે 'એસએસએમબી ૨૯' સાથે, પ્રિયંકા ૨૩ વર્ષના લાંબા ગાળા પછી તેલુગુ સિનેમામાં પરત ફરશે. તેમની છેલ્લી ટોલીવુડ ફિલ્મ પી રવિશંકરની ૨૦૦૨ માં આવેલી રોમેન્ટિક ફિલ્મ 'અપુરૂપમ' હતી.

સની દેઓલે જાટ વિશે પણ વાત કરી

# સની દેઓલને હવે ઓટીટી પ્રોજેક્ટ્સમાં રસ જાગ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૮

એક તરફ, સની દેઓલ ફિલ્મ જાટ માટે સમાચારમાં છે. હવે તેણે તેના આગામી ઓટીટી પ્રોજેક્ટ્સ વિશે વાત કરી છે. સની દેઓલ આ દિવસોમાં ફિલ્મ જાટને લઈને સમાચારમાં છે. આ ફિલ્મ ૧૦ એપ્રિલના રોજ રિલીઝ થવાની છે. સની દેઓલ પૂરા જોશથી ફિલ્મનું પ્રમોશન કરી રહ્યો છે. સની દેઓલે કહ્યું, 'હું ઓટીટી માટે ઘણા પ્રોજેક્ટ્સ કરી રહ્યો છું. તે પ્રોજેક્ટ્સ રૂપેરી પડદા માટે નથી. કારણ કે ત્યાંના પ્રેક્ષકો અલગ છે. તેથી ઓટીટી પર જવું સારું છે. લોકોએ તમારી ફિલ્મો જુદા જુદા પ્લેટફોર્મ પર જોતા રહેવું જોઈએ.સની દેઓલે વધુમાં કહ્યું કે ઓટીટી એ કલાકારો અને દિગ્દર્શકો માટે એક રસપ્રદ માધ્યમ છે. કારણ કે તે લોકોને વિવિધ જાતો આપી રહ્યું છે અને તમે કોઈ પણ વસ્તુથી બંધાયેલા નથી. સની દેઓલે કહ્યું કે ઓટીટી પ્લેટફોર્મ્સે તેમને આવનારી પેઢીમાં સુસંગત રહેવામાં મદદ કરી છે. જે લોકો તેમની ફિલ્મો મોટા પડદા પર નથી જોતા, તેઓ તેમને સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ પર જુએ છે.સની દેઓલે જાટ વિશે વાત કરી. તેમણે કહ્યું કે તેઓ પહેલી વાર દક્ષિણના કોઈ દિગ્દર્શક સાથે કામ કરી રહ્યા છે. તેને ખૂબ જ સારો અનુભવ થયો.સની દેઓલના આગામી પ્રોજેક્ટ્સ વિશે વાત કરીએ તો, જાટ પછી, તે લાહોર ૧૯૪૭ માં જોવા મળશે. આમિર ખાન આ ફિલ્મનું નિર્માણ કરી રહ્યા છે. આ ફિલ્મમાં સની દેઓલની સામે પ્રીતિ ઝિન્ટા છે. સની દેઓલ બોર્ડર ૨ માં પણ જોવા મળશે. આ ૧૯૯૭ ની ફિલ્મની સિક્વલ છે. આ ફિલ્મમાં વરુણ ધવન અને અહાન શેટ્ટી છે. આ ઉપરાંત તે રામાયણમાં પણ જોવા મળશે. આ ફિલ્મમાં તે હનુમાનની ભૂમિકામાં જોવા મળશે. તે સફર નામની ફિલ્મમાં જોવા મળશે.


**સની દેઓલે વધુમાં કહ્યું કે ઓટીટી એ કલાકારો અને દિગ્દર્શકો માટે એક રસપ્રદ માધ્યમ છે**

દર મહિને ૧૨૪ લાખ ભાડું ચૂકવશે

# શાહરૂખે મન્નત બંગલો છોડ્યો, પરિવાર સાથે પાલી હિલના ફ્લેટમાં શિફ્ટ

## શાહરૂખ, તેની પત્ની ગૌરી ખાન અને પુત્રી સુહાના ખાન સાથે, તાજેતરમાં તેમના નવા કામચલાઉ નિવાસસ્થાનમાં જોવા મળ્યો હતો





(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૮

બોલીવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાન અને તેના પરિવારે તેમના પ્રતિષ્ઠિત ઘર, મન્નતને અસ્થાયી રૂપે વિદાય આપી છે, કારણ કે તેનું નવીનીકરણ ચાલી રહ્યું છે. તાજેતરમાં, તેઓ બાંદ્રાના પાલી હિલ વિસ્તારમાં એક વૈભવી એપાર્ટમેન્ટ બિલ્ડિંગમાં પ્રવેશતા જોવા મળ્યા હતા, જ્યાં તેઓ લગભગ બે વર્ષ રહેશે.શાહરૂખ, તેની પત્ની ગૌરી ખાન અને પુત્રી સુહાના ખાન સાથે, તાજેતરમાં તેમના નવા કામચલાઉ નિવાસસ્થાનમાં જોવા મળ્યો હતો. પરિવારના ઘરનું હાલમાં નવીનીકરણ ચાલી રહ્યું છે. તાજેતરના વિડિઓમાં શાહરૂખ, તેની પત્ની ગૌરી અને પુત્રી સુહાના તેમની કારમાંથી બહાર નીકળીને એપાર્ટમેન્ટ બિલ્ડિંગમાં પ્રવેશતા જોવા મળ્યા હતા. સુહાના તેજસ્વી પીળા રંગના પોશાક પહેરેલી જોવા મળી હતી, જ્યારે શાહરૂખે કડક સફેદ શર્ટ પહેરીને સાદગી રાખી હતી.આખા પરિવારને એકસાથે જોઈને ચાહકોમાં ઉત્સાહ ફેલાયો હતો. શાહરૂખ, પત્ની ગૌરી અને બાળકો - આર્યન, સુહાના અને અબરામ - બાંદ્રાના નજીકના પાલી હિલ વિસ્તારમાં એક વૈભવી એપાર્ટમેન્ટ બિલ્ડિંગના ચાર માળમાં સ્થળાંતરિત થયા છે. એક અહેવાલ મુજબ, શાહરૂખે આ માળ ફિલ્મ નિર્માતા વાશુ ભગનાની પાસેથી ભાડે લીધા છે. શાહરૂખની રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટે ભગનાનીના અભિનેતા પુત્ર, જેકી ભગનાની અને તેમની પુત્રી, દીપશિકા દેશમુખ સાથે રજા અને લાઈસન્સ કરાર કર્યો છે, જેઓ પૂજા કાસા નામની મિલકતના સહ-માલિક છે.સૂત્રોએ જણાવ્યું હતું કે મન્નતમાં નવીનીકરણનું કામ મે મહિનામાં શરૂ થવાનું હતું. આમાં બંગલાના લાંબા સમયથી પ્રસ્તાવિત વિસ્તરણનો સમાવેશ થાય છે, જેના માટે શાહરૂખે કોર્ટની પરવાનગી મેળવવી પડી હતી.

મન્નત ગ્રેડ ૩ હેરિટેજ માળખું છે, અને કોઈપણ માળખાકીય ફેરફાર યોગ્ય પરવાનગી મેળવ્યા પછી જ થઈ શકે છે.આંતરિક સૂત્રોએ શેર કર્યુ કે ચાર માળમાં ફક્ત ખાન પરિવાર જ નહીં પરંતુ તેમના સુરક્ષા કર્મચારીઓ અને સ્ટાફ પણ રહેશે અને કેટલીક ઓફિસ જગ્યા પણ હશે. "તે સ્પષ્ટપણે મન્નત જેટલું વિશાળ નથી; તેના સુરક્ષા કર્મચારીઓ અને અન્ય સ્ટાફને સમાવવા માટે પૂરતી જગ્યા છે.

આર્યન ખાનની ડેબ્યૂ સિરીઝમાં

# બોબી દેઓલ અને રાઘવ જુયાલ નવા જ લુકમાં દેખાશે

મુંબઈ, તા.૮

શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાનની ડેબ્યૂ સિરીઝ 'ધ બેડ્સ ઓફ બોલિવૂડ'માં બોબી દેઓલ રાઘવ જુયાલ નવા અવતારમાં જોવા મળશે.આર્યન તેની પહેલી વેબ સિરીઝ દ્વારા દિગ્દર્શનમાં ડેબ્યૂ કરવા જઈ રહ્યો છે. આર્યન ખાનની પહેલી શ્રેણી 'ધ બેડ્સ ઓફ બોલિવૂડ' આ વર્ષે નેટફ્લિક્સ પર રિલીઝ થવા જઈ રહી છે. શ્રેણીની સ્ટારકાસ્ટને લઈને દર્શકોમાં ઘણો ઉત્સાહ છે. એવા અહેવાલો છે કે આ શ્રેણીમાં બોબી દેઓલ અને રાઘવ જુયાલ જોવા મળશે.બોબી દેઓલે એનિમલ, કાંગુવા અને આશ્રમ શ્રેણીમાં નકારાત્મક ભૂમિકાઓ ભજવીને પોતાના ચાહકોમાં એક અલગ છબી બનાવી છે. જ્યારે રાઘવ જુયાલ કિલ અને સિદ્ધાંત ચતુર્વેદીની ફિલ્મ યુદ્ધમાં વિલનની ભૂમિકામાં જોવા મળ્યો હતો. હવે, 'ધ બેડ્સ ઓફ બોલિવૂડ' માં બંનેને સાથે જોવું એ ચાહકો માટે બેવડા આશ્ચર્યથી ઓછું નહીં હોય. પરંતુ ખાસ વાત એ છે કે આ શ્રેણીમાં બંને સ્ટાર્સની ભૂમિકા અલગ અલગ હશે.એક અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, 'બોબી અને રાઘવને અલગ રીતે કાસ્ટ કરવા એ એક જાણી જોઈને બનાવેલો સર્જનાત્મક નિર્ણય છે.' તાજેતરના સમયમાં, બંનેએ ગંભીર, શક્તિશાળી ખલનાયકોની ભૂમિકા ભજવીને ખ્યાતિ મેળવી છે, તેથી તેમને સંપૂર્ણપણે નવા અવતારમાં જોવું એ દર્શકો માટે એક તાજગીભર્યો ફેરફાર હશે. તેમની કેમેસ્ટ્રી અદ્ભુત છે અને આર્યન તેના એક એવા પાસાને બહાર લાવ્યો છે જે પહેલાં ક્યારેય જોવા મળ્યો નથી. આ એક સાહસિક પગલું છે જે મોટા પાયે ફાયદાકારક સાબિત થવાનું છે.નેટફ્લિક્સે આર્યન ખાનની દિગ્દર્શિત ડેબ્યૂ શ્રેણી 'ધ બેડ્સ ઓફ બોલિવૂડ' ની ઝલક બતાવી હતી.

જયાનું આવું વર્તન ટીકાને પાત્ર બન્યું

# જયા બચ્ચને વધુ એકવાર તોછડાઈનું પ્રદર્શન કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૮

બોલિવૂડ અભિનેત્રી અને સાંસદ જયા બચ્ચનનો મૂડ ઘણીવાર ગરમ જોવા મળે છે. તે ઘણીવાર પોતાના વલણને કારણે હેડલાઈન્સમાં રહે છે. ક્યારેક તે લોકો પર ગુસ્સે થાય છે તો ક્યારેક તે કોઈને ઠપકો આપે છે. આ સમય દરમિયાન તે બિલકુલ વિચારતી નથી કે આ બધું જોયા પછી લોકો શું કહેશે. તેણી જે રીતે યોગ્ય લાગે છે તે રીતે પ્રતિક્રિયા આપે છે અને આ માટે તેણીની ટીકા થાય છે. હવે તેમનો એક વીડિયો સામે આવ્યો છે, જેના પર લોકો અલગ અલગ રીતે પ્રતિક્રિયા આપી રહ્યા છે.વાસ્તવમાં, અભિનેતા મનોજ કુમારનું ૮૭ વર્ષની વયે ૪ એપ્રિલના રોજ સવારે ૩:૩૦ વાગ્યે અવસાન થયું. ૫ એપ્રિલના રોજ, તેમના અંતિમ સંસ્કાર તેમના પુત્રોએ સંપૂર્ણ વિધિ અને ધાર્મિક વિધિઓ સાથે કર્યા. હવે ૬ઠ્ઠી તારીખે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં ઘણા બોલિવૂડ સ્ટાર્સ પહોંચ્યા હતા. ઉદિત નારાયણ, જોની લીવર, આશા પારેખ, રાકેશ રોશન, રંજીત, આમિર ખાન, પ્રેમ ચોપરા, પદ્મિની કોલ્હાપુરી, સોનુ નિગમ જેવી હસ્તીઓ જોવા મળી હતી.હવે આ પ્રસંગે જયા બચ્ચન પણ પહોંચી ગયા. સફેદ સલવાર-કમીઝ પહેરીને અને કાળા રંગનું પર્સ સાથે રાખીને , તે સ્વર્ગસ્થ અભિનેતા મનોજ કુમારની પ્રાર્થના સભામાં આવી હતી. આ સમય દરમિયાન, જ્યારે તે ઉભી હતી, ત્યારે એક મહિલાએ તેની પીઠ થપથપાવી. તે આશ્ચર્યચકિત થઈને તેમની તરફ ફરી અને તેમને જોતાંની સાથે જ તેણે તે સ્ત્રીનો હાથ પકડીને જોરથી હલાવ્યો. અને તેણે મહિલાના પતિને પણ ઠપકો આપ્યો, જે વીડિયો બનાવી રહ્યો હતો.

## સુપ્રીમ કોર્ટે CBI તપાસ પર લગાવી રોક

# શિક્ષક ભરતી કૌભાંડ કેસમાં મમતા સરકારને મોટી રાહત

### સરકારે કહ્યું કે ૨૫,૦૦૦ થી વધુ નોકરીઓ ગુમાવવાથી શિક્ષણ પ્રણાલી લકવાગ્રસ્ત થશે અને વિદ્યાર્થીઓ પર નકારાત્મક અસર પડશે

*(સંપૂર્ણ સમાચાર સેવા)*

પશ્ચિમ બંગાળ,તા.૮

પશ્ચિમ બંગાળમાં શિક્ષક ભરતી કૌભાંડના કેસમાં સુપ્રીમ કોર્ટે મમતા બેનર્જીની સરકારને મોટી રાહત આપી છે. કોર્ટે કલકત્તા હાઈકોર્ટના એ આદેશને રદ કર્યો જેમાં રાજ્ય સરકારના સુપરન્યુમરરી પોસ્ટ્સ બનાવવાના નિર્ણયની સીબીઆઈ તપાસનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ નિર્ણય ૮ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ આવ્યો, જ્યારે સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળ સરકારની અરજી પર સુનાવણી કરી.

પશ્ચિમ બંગાળ સરકારે કોર્ટમાં દલીલ કરી હતી કે હાઈકોર્ટે સમગ્ર ભરતી પ્રક્રિયા રદ કરીને "ઉતાવળમાં" નિર્ણય લીધો છે. સરકારે કહ્યું કે ૨૫,૦૦૦ થી વધુ નોકરીઓ ગુમાવવાથી શિક્ષણ પ્રણાલી લકવાગ્રસ્ત થશે અને વિદ્યાર્થીઓ પર નકારાત્મક અસર પડશે. સરકારે એમ પણ કહ્યું કે બધી નિમણૂકો ખોટી નહોતી અને સાચા અને ખોટાનો ભેદ પાડી શકાય છે.

સુપ્રીમ કોર્ટે અગાઉ ૭ મે, ૨૦૨૪ ના રોજ હાઈકોર્ટના રદ કરવાના આદેશ પર સ્ટે આપ્યો હતો અને CBI ને તપાસ ચાલુ રાખવાની મંજૂરી આપી હતી, પરંતુ કોઈની સામે કડક કાર્યવાહી ન કરવા કહ્યું હતું. હવે તાજેતરના નિર્ણયમાં, કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે સુપરન્યુમરરી પોસ્ટ્સના કિસ્સામાં સીબીઆઈ તપાસ થશે નહીં. જોકે, ભરતીમાં થયેલી ગેરરીતિઓની તપાસ ચાલુ રહેશે.

સુપ્રીમ કોર્ટે અગાઉ ૭ મે, ૨૦૨૪ ના રોજ હાઈકોર્ટના રદ કરવાના આદેશ પર સ્ટે આપ્યો હતો અને સીબીઆઈને તપાસ ચાલુ રાખવાની મંજૂરી આપી હતી, પરંતુ કોઈની સામે કડક કાર્યવાહી ન કરવા કહ્યું હતું. હવે તાજેતરના નિર્ણયમાં, કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે સુપરન્યુમરરી પોસ્ટ્સના કિસ્સામાં સીબીઆઈ તપાસ થશે નહીં. જોકે, ભરતીમાં થયેલી ગેરરીતિઓની તપાસ ચાલુ રહેશે.

અગાઉ, ૩ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ, સુપ્રીમ કોર્ટે ભરતી રદ કરવાના હાઈકોર્ટના નિર્ણયને માન્ય રાખ્યો હતો, પરંતુ પગાર પરત કરવાની શરત દૂર કરી હતી. કોર્ટે રાજ્ય સરકારને ત્રણ મહિનામાં નવી ભરતી પ્રક્રિયા શરૂ કરવાનો આદેશ પણ આપ્યો હતો. મમતા સરકાર માટે આ રાહત મહત્વપૂર્ણ છે કારણ કે સુપરન્યુમરરી પોસ્ટ્સની તપાસ મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ પર કડક કાર્યવાહી કરી શકી હોત. હવે સરકાર આ નિર્ણયને પોતાની જીત તરીકે જોઈ રહી છે, જોકે ભરતી કૌભાંડની મુખ્ય તપાસ હજુ બાકી છે.

આ મામલો ૨૦૧૬ માં શરૂ થયો હતો, જ્યારે પશ્ચિમ બંગાળ શાળા સેવા આયોગ (SSC) એ ૨૫,૭૫૩ શિક્ષકો અને બિન-શિક્ષણ કર્મચારીઓની ભરતી કરી હતી. બાદમાં, આ પ્રક્રિયામાં મોટા પાયે ગેરરીતિઓના આરોપો લાગ્યા. કોલકાતા હાઈકોર્ટે ૨૨ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ સમગ્ર ભરતીને રદ કરી દીધી હતી, અને તેને "રદબાતલ" ગણાવી હતી. હાઈકોર્ટે એમ પણ કહ્યું હતું કે સુપરન્યુમરરી પોસ્ટ્સ બનાવીને ગેરકાયદેસર નિમણૂકોને બચાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને સીબીઆઈએ આ મામલાની તપાસ કરવી જોઈએ.

# આરૈયા હોટેલ્સ અને રિસોર્ટ્સે આરૈયા ગીરનું ઉદ્ઘાટન, માવિન્તારા રિસોર્ટ તરીકે જાહેર કર્યું છે.




ગુજરાત, ૮ એપ્રિલ ૨૦૨૫

આરૈયા હોટેલ્સ અને રિસોર્ટ્સે આરૈયા ગીર, માવિન્તારા રિસોર્ટનો ઉદ્ઘાટન કરીને ૭ એપ્રિલ ૨૦૨૫ના રોજ ૨૦ ભવ્ય લેક વિલાઓનું પરિચય કરાવ્યો છે, જયારે જંગલ વિલાઓ લશ્કરી રીતે ટૂંક સમયમાં આરંભ કરવામાં આવશે. ગીરના અદ્વિતિય દ્રશ્યોથી ઘેરાયેલું, આ ૪૬-વિલાવાળો રિસોર્ટ પ્રકૃતિની સુંદરતા તરફ એક અદ્ભુત પલાયનનો વાયદો કરે છે.

આરૈયાની વાઈલ્ડલાઈફ ડેસ્ટિનેશન્સમાં એન્ટ્રીના સંકેતરૂપે, આરૈયાના સંસ્થાપક અને સીઈઓ અમૃદા નાયરએ જણાવ્યું હતું, `અમે આરૈયા ગીર, માવિન્તારા રિસોર્ટનું ઉદ્ઘાટન કરીને ખૂબ જ ઉત્સાહિત છીએ અને આ પ્રોજેક્ટમાં ડૉ. વિનય ભોમિયા સાથે ભાગીદારી કરવામાં આનંદિત છીએ. અમારા રિસોર્ટને એ રીતે ડિઝાઇન કરવામાં આવ્યું છે કે જ્યાં વૈભવ અને શાંતિ મળી આવે, અને પ્રવાસીઓને પ્રજાતિના સુંદરતા અને સંસ્કૃતિ સાથે સંલગ્ન થવા માટે એક વિશિષ્ટ અવકાશ પૂરો પાડે છે. અમે અમારા મહેમાનોને માત્ર રોકાવાનું સ્થાન નહીં, પરંતુ પ્રકૃતિના હૃદયમાં પરિવર્તનકારી યાત્રા અને અવિસ્મરણીય ક્ષણોનો એક સંગ્રહ અનુભવવા માટે આમંત્રણ આપતા છીએ.

`આરૈયા હોટેલ્સ અને રિસોર્ટ્સ સાથે આરૈયા ગીર, માવિન્તારા રિસોર્ટના ઉદ્ઘાટન પર સહયોગ આપીને અમને આનંદ છે. આ પ્રોજેક્ટ માટે અમારું દૃષ્ટિકોણ એ છે કે વૈભવ અને પ્રકૃતિનો સુમેળ બનાવવો, જેથી મહેમાનો ગીરની સુંદર પરિસ્થિતિ સાથે જોડાઈ શકે. અમે આ વિસ્તારની વૈવિધ્યપૂર્ણ જૈવવિસ્તાર અને સાંસ્કૃતિક વારસાને ઉજવતી અનોખી અનુભવ આપવાનો પ્રતિબદ્ધ છીએ`, એડેડ ડૉ. વિનય ભોમિયા, ઘ્ઝ શ્યામ એકઝોટિકા અને MD સંજીવની હોસ્પિટલ્સ, અમદાવાદ.

મુખ્ય સિંહ સદન ગેટથી ૧૫ મિનિટની દૂરી પર, આ રિસોર્ટ ૨૦ લેક વિલાઓ ધરાવે છે, જે દરેક ૭૫૦ ચોરસ ફુટ છે, અને ૨૬ જંગલ વિલાઓ છે, જે ૧૦૦૦ ચોરસ ફુટમાં ફેલાયેલી છે. આ વૈભવી નિવાસોને અનોખી આરામદાયકતા અને શાંતિ -દાન કરવા માટે સાવધાનીપૂર્વક તૈયાર કરવામાં આવી છે, જેમાં મિનિબાર, મફત Wi-Fi, કોફી અને ચા માટેની સુવિધાઓ, અને વિશિષ્ટ કસ્ટમ-બ્લેન્ડ બાથ ઉત્પાદનો જેવી આધુનિક સુવિધાઓ સામેલ છે.

**છેલ્લા પાનાનું ચાલુ**

**સડેલા**

દરોડા પાડતાં ગંધાતી ખોલીઓમાં પાણીપૂરીની પૂરી બનાવવાના મિની ગોડાઉન મળી આવ્યા હતા. અહીં જ્યાં લોટ બાંધતા ત્યાં જ સૂતા-ચાલતા હતા. સ્થળ પરથી સડેલા બટાકા, ફૂગવાળા ચીકણા ચણા મળી આવ્યા હતા. પથી ૭ દિવસ પહેલાં પૂરી બનાવી ગંદકીમાં મુકી રાખી સપ્લાય કરતા હતા.

દરોડા પાડ્યાં તે વિસ્તારોમાં ડાયેરિયાના સૌથી વધુ કેસ છે. ટીમે સેન્ટ્રલ ઝોનમાં ૨૧ સંસ્થામાં ચેકિંગ, ૮૨ કિલો પૂરીનો નાશ કરી ૮૨૫૦નો દંડ વસૂલ્યો હતો તથા ઉધનામાં ૨૪ સંસ્થા ચેક કરી ૨૮૬ કિલો નાશ કરી ૧૮,૨૦૦ દંડ વસૂલ્યો હતો. તમામ સ્થળો મળી કુલ ૧ લાખ પાણી પૂરી સહિતનો ૯૮૩ કિલો જથ્થાનો નાશ કરાયો હતો. ગોવાલક રોડ પર ૧૫ ઝૂંપડાંમાં પાણીપુરી બનતી હતી. તળવા માટેનું તેલ કાળું હતું. પાણીપુરી તળી ને ગંદી જગ્યા પર જ ઠાલવી ને ઠગલો કરાતો હતો. પાણીપુરી બનાવતાં ૪૫ લોકો સામે કાર્યવાહી ૨૫ હજારથી વધુનો દંડ વસૂલાયો હતો.

**પહેલા પાનાનું ચાલુ**

**૨૪ કલાકમાં**

સંતુલિત ન કરી લે. ટ્રમ્પ આને સારી યોજના માને છે પરંતુ સમગ્ર વિશ્વના બજારોમાં તેની વિપરિત પ્રતિક્રિયા જોવા મળી છે. અમેરિકન શેરબજાર પર પણ તેની વિપરીત અસર પડી છે.ટ્રમ્પે તેના ટેરિફના નિર્ણય માટે શેરબજાર માટે એક દવા ગણાવી હતી. તેણે જણાવ્યુ હતું કે હું ઈચ્છતો નથી કે અમેરિકા કે વિશ્વના બીજા કોઈ શેરબજાર પડે, પરંતુ તમે જોશો કે તેમા મોટાપાયા પર વેચાણ થઈ રહ્યા છે. ક્યારેક-ક્યારેક આપણે કોઈ બીમારીને ઠીક કરવા દવા દેવી પડે છે. ટેરિફનો નિર્ણય આ દવા જેવો જ છે.વિશ્વસ્તરે ટ્રમ્પના ટેરિફની થતી ટીકા સામે તેના તંત્રએ દાવો કર્યો છે કે ૫૦થી વધુ દેશ અમેરિકા સાથે વ્યાપાર મંત્રણા કરવા માંગે છે. તે બધા દેશ વ્હાઈટ હાઉસના સંપર્કમાં છે. બુધવારે ટેરિફની જાહેરાત પછી ૫૦થી વધુ દેશોએ અમેરિકા સાથે વાતચીત શરૂ કરી છે. તેમા તાઈવાન, ઈઝરાયેલ, ભારત, ઈટાલી સહિતના દેશોનો સમાવેશ થાય છે.

**જો**

જો ઈમિગ્રન્ટ્સ નિયત સમય મર્યાદા અનુસાર અમેરિકા છોડવામાં નિષ્ફળ રહેશે તો તેમના પર આ દંડ લાગુ કરવામાં આવશે. તેમજ દંડની ચૂકવણી કરવામાં પણ નિષ્ફળ રહેનારાની સંપત્તિ જપ્ત કરવામાં આવશે. આ નિર્ણયનો અમલ ૧૯૯૬ના એક કાયદાને આધિન કરાવવામાં આવ્યો છે.

ટ્રમ્પના એક વરિષ્ઠ અધિકારીએ આ યોજના પર ચર્ચા કરતાં નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, 'ટ્રમ્પ સરકાર આ દંડ પાંચ વર્ષ સુધી લાગુ કરી શકે છે. જેમાં ૯૯૮ પ્રતિ ડોલરથી માંડી ૧૦ લાખ ડોલર સુધીનો દંડ લાદવાની જોગવાઈ છે.' હોમલેન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટના પ્રવક્તા ટ્રિસિયા મેકલાઘલિને જણાવ્યું હતું કે, 'ગેરકાયદે વસતાં ઈમિગ્રન્ટ્સના સેલ્ફ ડિપોર્ટ માટે એક મોબાઈલ એપ વિકસાવવામાં આવી છે. જેની મદદથી તેઓ દેશ છોડી શકે છે. જો તેઓ સમય મર્યાદામાં અમેરિકામાંથી એક્ઝિટ નહીં લે તો તેના માઠા પરિણામો ભોગવવા પડશે. તેમણે દરરોજે ૯૯૮ ડોલર લેખે દંડ ચૂકવવો પડશે.'

અગાઉ ફેબ્રુઆરીમાં ટ્રમ્પ સરકારે અમેરિકામાં વસતા ઈમિગ્રન્ટ્સને ચેતવણી આપી હતી કે, સરકાર સાથે રજિસ્ટ્રેશન કરાવવામાં નિષ્ફળ ઈમિગ્રન્ટ્સ ઝડપથી પોતાના ફિંગરપ્રિન્ટ્સ રજિસ્ટર્ડ કરાવે.

જો તેઓ રજિસ્ટ્રેશનમાં નિષ્ફળ રહ્યા તો તેમને મોટો દંડ અને સજાનો સામનો કરવો પડશે. ટ્રમ્પે અગાઉ બે કાફલામાં અંદાજે ૨૧૫ જેટલા ભારતીયોનો દેશ નિકાલ કર્યો હતો.

ટ્રમ્પની ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ પર કાર્યવાહી વચ્ચે સોમવારે યુએસ સુપ્રીમ કોર્ટે યુદ્ધના સમયના અસ્પષ્ટ કાયદો દૂર કર્યો છે. આ કાયદાની મદદથી દસ્તાવેજો વિના અમેરિકામાં પ્રવેશ લેનારા વેનેઝુએલાના ઈમિગ્રન્ટ્સના દેશ નિકાલ પર મૂકાયેલો પ્રતિબંધ દૂર કર્યો છે. તેઓને અલ સાલ્વાડોરમાં ડિપોર્ટ કરવામાં આવશે.

**અલ્લાહે**

દેશને એક વિકસિત રાષ્ટ્ર તરીકે જોતા હતા, પરંતુ યુનુસ અને તેમના લોકોએ તેને આતંકવાદીઓનો દેશ બનાવી દીધો છે. ત્યા રોજ મર્ડર થઈ રહ્યા છે, પરંતુ સરકારને કોઈનાથી મતલબ નથી.

હસીનાના કહેવા પ્રમાણે બાંગ્લાદેશમાં પત્રકારો અને વકીલોને બોલવા દેવામાં આવતા નથી. તેમના પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. આવા લોકો સાથે જલ્દી ન્યાય થવો જોઈએ. આ ઉપરાંત તેમણે યુનુસ પર સરકારી પૈસે એશો આરામ કરવાનો આરોપ લગાવ્યો હતો. વાતચીત દરમિયાન અવામી લીગના કાર્યકર્તાઓના એક સવાલના જવાબમાં હસીનાએ કહ્યું કે, 'હું જીવતી છું અને જલ્દી બાંગ્લાદેશ પરત આવી રહી છું. તમે દરેક લોકો શાંતિ જાળવી રાખો. તમારી સાથે ન્યાય થશે. જે પણ લોકો તમને મારવા આવી રહ્યા છે, તેમને શોધી શોધીને અહીં લાવવામાં આવશે.'હસીનાએ કહ્યું કે, 'અલ્લાહ કે ઘર દેર હૈ, પર અંધેર નહીં.' આ દરમિયાન તેમણે અવામી લીગના કાર્યકરો પાસેથી બાંગ્લાદેશ વિશે પણ માહિતી લીધી હતી.

**જાતિ**

બંધારણ અંગે વાત કરતાં રાહુલે કહ્યુ હતું કે, તેમાં દેશના પ્રાચીન મૂલ્યોનું પ્રતિબિંબ છે. સાવરકરના વિચારોને તેમાં કોઈ સ્થાન નથી. ડો. બી. આર. આંબેડકર અને મહાત્મા ગાંધીની પ્રશંસા કરતાં રાહુલે કહ્યું હતું કે, આંબેડકરે દલિતોની પીડાને અધિકારોમાં બદલી હતી. લોકોના સંઘર્ષમાંથી બોધપાઠ લઈને મહાન નેતાઓએ તેને કાયદામાં સમાવ્યા છે. સત્ય માટેની આ લડાઆ હજુ અવિરત છે. વર્તમાન સમયમાં સાચુ બોલવાનું કઠિન છે. લોકો આ સચ્ચાઈ જાણે છે, પરંતુ ઘણાં નેતાઓ તેનો સ્વીકાર કરતાં ગભરાય છે.

**૨૬/૧૧**


પ્રકાશિત એક નોટિસમાં કહેવામાં આવ્યું છે કે, "આ અરજી કોર્ટે ફગાવી દીધી છે." આ નિર્ણય પછી, અમેરિકામાં રાણાના કાનૂની વિકલ્પો હવે ખૂબ જ મર્યાદિત થઈ ગયા છે અને ભારત પ્રત્યાર્પણની પ્રક્રિયા આગળ વધારી શકાય છે.ઉલ્લેખનીય છે કે તહવ્વુર રાણા 2008ના મુંબઈ આતંકવાદી હુમલાના કાવતરાખોરોમાંનો એક છે. ભારતીય એજન્સીઓ અનુસાર, રાણાએ પાકિસ્તાની આતંકવાદી ડેવિડ કોલમેન હેડલીને ભારતમાં આતંકવાદી પ્રવૃત્તિઓ કરવામાં મદદ કરી હતી. હેડલી પહેલાથી જ અમેરિકામાં સજા કાપી રહ્યો છે અને તેણે તપાસમાં રાણાની ભૂમિકાની પુષ્ટિ કરી હતી.ભારત લાંબા સમયથી રાણાના પ્રત્યાર્પણની માંગ કરી રહ્યું હતું, અને હવે યુએસ સુપ્રીમ કોર્ટના આ નિર્ણય પછી, આ પ્રક્રિયા તેના અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. ભારતીય તપાસ એજન્સીઓ માટે આ એક મોટી સફળતા છે.

**ગુજરાત**

કિસ્સામાં જો બેંકો/ નાણાંકીય સંસ્થાઓ દ્વારા ડોક્યુમેન્ટ કરી તેના ઉપર સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરાવવામાં નહિ આવે, તો તેવા કિસ્સામાં આવા ડોક્યુમેન્ટ સંબંધે ડ્યુટી ભરપાઈ કરવાની જવાબદારી બેંકો/ નાણાંકીય સંસ્થાઓની રહેશે.

★ ઉપરાંત, અસલ લેખ (ઓરિજિનલ ડોક્યુમેન્ટ)ની ગેરહાજરીમાં ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરી હોય તેવા ડોક્યુમેન્ટની નકલ ઉપર પણ ડ્યુટી વસૂલ કરી શકાશે તેવી જોગવાઈ પણ આ એક્ટમાં કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ની જોગવાઈઓમાં કરાયેલા આ સુધારા ઉપરાંત અન્ય સુધારા-વધારા પણ કરવામાં આવ્યા છે. આ ડ્યુટીમાં સુધારા વધારા મૂળ ડ્યુટી માટે કરવામાં આવેલા છે. તેમાં કાયદાની જોગવાઈઓ મુજબ વધારાની ડ્યુટી (સરચાર્જ) પણ લેવાપાત્ર થશે. આના જોગવાઈઓથી ઉધોગકારો તેમજ હાઉસીંગ લોનધારકોને નાણાંકીય બોજમાં ઘટાડો થાય તેવો સરકારે પ્રયત્ન કર્યો છે.

# અલથાણના ઓફીરા બિઝનેસ હબમાં એકાઉન્ટન્ટની ઓફિસમાં ચોરીના પ્રયાસ અને આગ લાગવા મામલે ભેદ ખુલ્યો પોલીસે એક ટેટુંના આધારે આખો કેસ ઉકેલી કાઢ્યો







■ **સુરત, તા. ૦૮**

અલથાણના ઓફીરા બિઝનેસ હબમાં એકાઉન્ટન્ટની ઓફિસમાં આગ લગાડવાના મામલે આ કેસમાં ઝીણવટભરી તાપસ કરી પોલીસે વિમલસીંગની ધરપકડ કરી કાયદેસરની કાર્યરવાહી હાથ ધરી છે, વીઆઈપી પ્લાઝાની ગલીમાં આવેલાં શ્યામ રચના ટાવરનાં ફ્લેટ નં. સી/૧૧૦૯ માં રહેતા સુનિલ મદનમોહન મહેશ્વરી વી.આઈ.પી રોડ ભગવાન મહાવીર કોલેજ પાસે આવેલાં ઓફીરા બિઝનેસ હબ નાં ત્રીજા માળે ઓફિસ નં. એફ/૩૦૧માં એસ.એસ એમ્યુ એન્ડ કંપની નામે એકાઉન્ટન્ટ નો વ્યવસાય કરે છે. ગત તા. ૨૧/૩/૨૫ ની વહેલી સવારે પૈઁ૦૦ વાગ્યાનાં અરસામાં તેમની ઓફિસમાં આગ લાગી હતી. જેનાં પગલે ઓફિસમાં કોમ્પ્યુટર, એર કન્ડિશનર, ગ્રાહકો ની ફાઈલો, પી.ઓ.પી, ટેબલ ખુરશી, કાચનું કેબીન અને ફર્નિચર સહીત રૂ. ૭લાખની મત્તા બળીને રાખ થઈ ગઈ હતી. જે સંદર્ભે ની તપાસ દરમિયાન આગ લગાડનાર વ્યક્તિ સીસીટીવીમાં કેદ મળી આવતાં એકાઉન્ટન્ટ સુનિલ મહેશ્વરી દ્વારા ફરિયાદ અપાઈ, અલથાણ પોલીસ દ્વારા તપાસ નો ધમધમાટ શરુ કરાયો હતો પોલીસે વિમલસીંગ ઉર્ફે ભોલા પાંડેસરાના રહેવાસીની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી છે, અલથાણ પોલીસ ઈન્સપેક્ટર ડી.ડી.ચૌહાણ સા.શ્રી નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પો.સ.ઈ.પી.એમ.રાઠવા તથા અ.હે.કો સુરેશભાઈ મનુભાઈ, અ.હે.કો અમીતભાઈ જીવરાજભાઈ, અ.હે.કો વિજયભાઈ ખીમાભાઈ, અ.હે.કો વિનેશભાઈ માનસીંગભાઈ, અ.હે.કો અશોકકુમાર નરવતસીંહ, અ.પો.કો રાહુલભાઈ સંજયભાઈ, અ.પો.કો અજયભાઈ જીતેંદ્રભાઈ, અ.પો.કો આદીત્યભાઈ કીર્તીભાઈ,અ.પો.કો જીતેશભાઈ જીવાભાઈ,અ.પો.કો ભીમશીભાઈ વેજાણંદભાઈ, નાઓએ ટીમ વર્કથી આ કેસ ડિટેક્ટ કરેલ છે.

# વડોદરા એરપોર્ટ પર ગુજરાતના પ્રથમ રામાલય એક્સપિરિયન્સ સેન્ટરનું ઉદ્ઘાટર્ન સુગંધ દ્વારા ભારતના વારસાને જીવંત બનાવતી સાંસ્કૃતિક વાર્તા કહેવાની પહેલ




વડોદરા, ૬ એપ્રિલ, ૨૦૨૫ ગુજરાતના પ્રથમ રામાલય એક્સપિરિયન્સ સેન્ટરનું ઉદ્ઘાટન આજે વડોદરા એરપોર્ટના સિક્યુરિટી હોલ્ડ એરિયા (SHA) ખાતે કરવામાં આવ્યું. ભારતના લક્ઝરી ધૂપ બ્રાન્ડ JPSR પ્રભુ શ્રીરામ દ્વારા આ સાંસ્કૃતિક રીતે મહત્વપૂર્ણ પહેલ સુગંધિત વાર્તા કહેવા દ્વારા ભારતના આત્માને એક નિમજ્જન -વેશદ્વાર -દાન કરે છે. એક્સપિરિયન્સ સેન્ટરનું ઉદ્ઘાટન ગુજરાત વિધાનસભાના ધારાસભ્ય અને મુખ્ય દંડક ભાજપ શ્રી બાલકૃષ્ણ શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે કહ્યું હતું કે`રામાલય ખરેખર શુદ્ધ અને અનુભવપૂર્ણ રીતે ભારતના આત્માને જીવંત કરે છે. તે ગુજરાત અને ભારતની ભાવનાને પ્રતિબિંબિત કરે છે - મૂળ, દૈવી અને વિશ્વને માર્ગદર્શન આપવા માટે તૈયાર. વડોદરા એરપોર્ટ આવા ગહન સાંસ્કૃતિક અને સુગંધિત તકોનું ઘર હોવાનો ગર્વ અનુભવે છે`. વડોદરા એક્સપિરિયન્સ સેન્ટર, રામાલય, ક્યુરેટેડ સુગંધ અનુભવો દ્વારા ભારતના સમૃદ્ધ આધ્યાત્મિક અને કલાત્મક વારસાને પુનર્જીવિત કરવાના JPSR ના વ્યાપક મિશનનો એક ભાગ છે. JPSR પ્રભુ શ્રીરામ દ્વારા કલ્પના કરાયેલ, પ્રતિષ્ઠિત શ્રીપદ રામાયણ સંગ્રહ ૧,૦૦૦ વર્ષથી વધુ જૂની મધુબની ચિત્ર પરંપરામાંથી પ્રેરણા લે છે - જે માતા સીતાના જન્મસ્થળ મિથિલામાં મૂળ ધરાવતી એક પ્રાચીન કલા સ્વરૂપ છે. દરેક વૈભવી ધૂપ સંગ્રહ પવિત્ર કથાઓ, દૈવી દ્રશ્યો અને હાથથી પસંદ કરેલી સુગંધને એકસાથે ભેળવે છે, જે રામાયણના ઉપદેશો અને વાર્તાઓને પહેલા ક્યારેય ન હોય તેવા જીવંત બનાવે છે. અને આ સાથે વડોદરા એરપોર્ટ પર મુસાફરો હવે અનોખા વૈભવી ધૂપ સંગ્રહ અને સાંસ્કૃતિક વાર્તા કહેવા દ્વારા ભારતના આત્મા સાથે જોડાઈ શકે છે.

અન્ય સિગ્નેચર કલેક્શર્ન - કન્નૌજ કલેક્શન - ભારતની પરફ્યુમરીની રાજધાની માટે શ્રદ્ધાંજલિ, જે કન્નૌજના સુપ્રસિદ્ધ સુગંધિત વારસાના સારને આકર્ષિત કરતી પરંપરાગત હસ્તકલા ધૂપ ઓફર કરે છે. - એલોરા પરફ્યુમ લાઈન (આગામી) - ભારતીય કલા અને મંદિર પરંપરાઓની કાલાતીત ભવ્યતાથી પ્રેરિત પૌરાણિક કથાઓ અને આધુનિક ભવ્યતાનું મિશ્રણ. મોડ રિટેલ્સ સેલ્સ એન્ડ માર્કેટિંગ પ્રાઈવેટ લિમિટેડના સીએમડી અને રામાલય ફાઉન્ડેશનના સ્થાપક શ્રી - શાંત કુમારે જણાવ્યું હતું કે, ક્ક્રરામાલય એ ભારતની વાર્તાઓ અને આધ્યાત્મિકતાના સમૃદ્ધ વારસાને અમારી શ્રદ્ધાંજલિ છે, જે સુગંધની સંવેદનાત્મક કલા દ્વારા વ્યક્ત થાય છે.

તે આધુનિક વિશ્વમાં આપણા મૂળનો ઉત્સવ છે. એરપોર્ટ અમારા નવા મંદિરો છે - જ્યાં મન મુસાફરી કરે છે, અને અમે ઈચ્છીએ છીએ કે આત્માઓ જોડાય. રામાયણથી પ્રેરિત ધૂપ અને ભારતની પ્રાચીન કલા દ્વારા, અમે મુસાફરોને માત્ર સુગંધ જ નહીં, પરંતુ - તિબિંબ અને સાંસ્કૃતિક ગૌરવનો ક્ષણ પણ પ્રદાન કરીએ છીએ.ઞ્ઝ તેમણે વધુમાં ઉમેર્યું, ક્ક્રઅમારું વિઝન દરેક મુખ્ય ભારતીય અને વૈશ્વિક એરપોર્ટ પર રામાલય અનુભવ કેન્દ્રો બનાવવાનું છે, જે વૈશ્વિક પ્રેક્ષકોને ધૂપ અને સાંસ્કૃતિક વાર્તા કહેવા દ્વારા ભારતનો સાર પ્રદાન કરે છે.

# સિંગાપોરની શાળામાં આગ લાગતાં પવન કલ્યાણનો પુત્ર ઈજાગ્રસ્ત

આંધ્રપ્રદેશ,તા.૮

આંધ્રપ્રદેશના નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણના નાના પુત્ર માર્ક શંકર સિંગાપોરમાં તેમની શાળામાં આગ ની દુર્ઘટનામાં દાઝ્યો થયા હોવાનું જનસેના પાર્ટીએ જણાવ્યું હતું. જનસેના પાર્ટીએ જણાવ્યું હતું કે આ ઘટનામાં માર્કના હાથ અને પગ દાઝી ગયા હતા, જ્યારે ધુમાડામાં શ્વાસ લેવાને કારણે તેના ફેફસાં પણ પ્રભાવિત થયા હતા અને તે હાલમાં ત્યાંની એક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પવન કલ્યાણે કહ્યું, "મેં અરાકુ ખીણ નજીક કુરિડીના ગ્રામજનોને વચન આપ્યું હતું કે હું સમયપત્રક મુજબ તેમની મુલાકાત લઈશ અને હું મારી મુલાકાત પૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધ છું." તેમણે કહ્યું કે આદિવાસી વિસ્તારમાં વિકાસ કાર્યક્રમની વ્યવસ્થાને અંતિમ સ્વરૂપ આપ્યા પછી, તેઓ તાત્કાલિક સિંગાપોર જવા રવાના થશે. તેમના પુત્રના સ્વાસ્થ્ય અંગે વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે.

તમને જણાવી દઈએ કે સિંગાપોર ની એક ખાનગી શાળામાં આગ લાગી હતી. સિંગાપોર સિવિલ ડિફેન્સ ફોર્સે ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "ત્રીજા માળના યુનિટની બહારના પ્લેટફોર્મ પર ઘણા લોકો ફસાયેલા હતા." બાંધકામ કામદારો સહિત જાહેર જનતાએ ફસાયેલા લોકો સુધી પહોંચવા માટે ધાતુના પાલખ અને સીડીનો ઉપયોગ કર્યો અને તેમાંથી ઘણાને સુરક્ષિત સ્થળે ખેંચ્યા. પ્લેટફોર્મ પર ફસાયેલા બાકીના લોકોને બચાવવા માટે SCDF એ તાત્કાલિક બચાવ સીડી અને સંયુક્ત પ્લેટફોર્મ સીડી તૈનાત કરી. તે જ સમયે, અગ્નિશામકોએ આગ બુઝાવવા માટે બીજા અને ત્રીજા માળે ગયા. ૩૦ મિનિટમાં ત્રણ પાણીના ટીપાં વડે આગ ઓલવી નાખવામાં આવી.

**PRINTED BY** GANESH PANDURANG SAWANT AND **PUBLISHED BY** GANESH PANDURANG SAWANT **ON BEHALF OF SHREE SAI PRAKASHAN AND PRINTED AT** SHREE SAI PRAKASHAN 26-27, SAHYOG SOCIETY, GUJARAT HOUSING BOARD, SACHIN- KANSAD ROAD, SURAT, **AND PUBLISHED AT** 1 TO 6, SANKALP SHOPPING CENTER OPP. ALTHAN TENAMENT,BHATAR ROAD, SURAT. **AND EDITOR** GANESH PANDURANG SAWANT , **RNI No. 54951/93** E-MAIL : navgujarat@yahooo.co.in, navgujarattimes@rediffmail.com phone No. 0261-2264749 Fax No. 0261-2264849.

# સડેલા બટાકા-પુરીનો નાશ કરાયો સુરતમાં બીજા દિવસે પણ પાણીપુરી વિક્રેતાઓ પર આરોગ્ય વિભાગની તવાઈ



■ સુરત, તા. ૦૮

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે બીજા દિવસે પાણીપુરી વિક્રેતાઓ પર તવાઈ બોલાવી છે. પાંડેસરાના વડોદ ગામ અને પુણા ગામ ખાતે દરોડા પડી મોટા પ્રમાણમાં પુરીનો જથ્થો અને બાફેલા બટાકાનો નાશ કર્યો હતો. ગતરોજ પણ આરોગ્ય વિભાગે ઉધના, પાંડેસરા, ગોવાલકમાં દરોડા પાડી ગંધાતી ખોલીઓમાં બનેલી એક લાખ પૂરીનો નાશ કર્યો હતો.

ઉનાળા દરમિયાન આ પ્રકારની અખાદ્ય ચીજ વસ્તુઓ ખાવાને કારણે સ્વાસ્થ્ય ઉપર ખૂબ મોટું જોખમ ઊભું થતું હોય છે. સુરતીઓ ખાણીપીણીના ખૂબ જ શોખીન છે, ત્યારે બહાર ખાવાથી ટેવાયેલા સુરતીઓ માટે આ આરોગ્યના બાબતના ખૂબ જ ગંભીર વિષય છે. પાણીપુરી બનાવવા માટે સ્વચ્છતાની જાળવણી કરવામાં આવતી નથી. તેમજ જે મટિરિયલનો ઉપયોગ કરવામાં આવતો હોય છે તે પણ સ્વાસ્થ્ય માટે જોખમી હોય છે. ઉનાળા દરમિયાન બહાર આ પ્રકારની ખાદ્ય સામગ્રી આરોગવાને કારણે પેટના રોગ સહિત ઝાડા-ઊલટી તેમજ અન્ય બીમારી પણ થવાની શક્યતા વધી જાય છે.

પાલિકાની ટીમે સોમવારે ઉધના, પાંડેસરા, ગોવાલકમાં

અનુસંધાન પાના ૭ પર

# સુરતમાં ૬ વર્ષની બાળકી પર દુષ્કર્મ પાડોશીએ બાળકીને લલચાવી દુષ્કર્મ આચર્યું

## કોસંબા પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીની ધરપકડ કરી

■ સુરત, તા. ૦૮

સુરત જિલ્લાના કોસંબા વિસ્તારમાં એક ચકચારી ભરી ઘટના સામે આવી છે. અહીં એક ૬ વર્ષની માસૂમ બાળકી સાથે પાડોશમાં રહેતા વિક્રમ હનુમાન ઠાકોર નામના શખ્સે દુષ્કર્મ આચર્યું હતું.

-ાપ્ત માહિતી મુજબ, ૧ એ-િલના રોજ બપોરના સમયે આરોપી વિક્રમ ઠાકોરે બાળકીને લલચાવીને એકાંત જગ્યાએ લઈ ગયો હતો. ત્યાં તેણે બાળકી સાથે અશ્લીલ હરકતો કરી દુષ્કર્મ આચર્યું હતું. બાળકીના અસામાન્ય વર્તનથી માતાને શંકા જતાં પૂછપરછ કરી હતી.



પરિવારજનો બાળકીને તાત્કાલિક સુરતની સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા હતા. હોસ્પિટલમાં ડોક્ટરની પૂછપરછ દરમિયાન બાળકીએ વિક્રમ ઠાકોરનું નામ આપ્યું હતું. આરોપી પણ હોસ્પિટલ સુધી આવ્યો હતો, પરંતુ બાળકીએ તેનું નામ આપતાં જ ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

કોસંબા પોલીસને જાણ થતાં તેમણે તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવી આરોપીની શોધખોળ શરૂ કરી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીની ધરપકડ કરી લીધી હતી. આરોપી વિરુદ્ધ પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આરોપીનું મેડિકલ ચેકઅપ કરાવ્યું છે અને જલ્ન ટીમની મદદથી પુરાવા એકત્રિત કરી રહી છે, આરોપીને કડકમાં કડક સજા થાય એ તમામ પુરાવા પોલીસ એકત્રિત કરી રહી છે અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીની વધુ તપાસ હાથ ધરી છે.

# રાજ્યમાં સ્ટેમ્પ ડ્યુટી એક્ટના અમલમાં સુગમતા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના મહત્વપૂર્ણ નિર્ણયો

## પ્રજાલક્ષી દરોના ઘટાડાથી સામાન્ય નાગરિકોને-મિલકતધારકોને વધુ સરળતા આપવાનો અભિગમ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની ઘણી જોગવાઈઓમાં સુધારા-વધારા કર્યા છે. આ સુધારાઓમાં -જાલક્ષી દરોનો ઘટાડો કરવા સાથે વહીવટી સરળતા અને સુગમતા વધારીને સ્ટેમ્પ ડ્યુટી એક્ટના અસરકારક અમલ માટેનો અભિગમ રાખવામાં આવ્યો છે.

સ્ટેમ્પ ડ્યુટી એક્ટની આ સુધારેલી જોગવાઈઓ રાજ્યમાં ૧૦મી એપ્રિલ, ૨૦૨૫, ગુરુવારથી અમલી થશે.

રાજ્યના મહેસૂલ વિભાગે સ્ટેમ્પ ડ્યુટી એક્ટની જોગવાઈઓમાં જે સુધારા-વધારા કર્યા છે તેમાં કરવામાં આવેલી જોગવાઈઓ મુખ્યત્વે આ મુજબ છે -

વડીલોપાર્જિત મિલકતના કિસ્સામાં અવસાન પામેલી પુત્રીના વારસદારો દ્વારા કરવામાં આવતાં હક્ક કમીના ડોક્યુમેન્ટ રૂ.૨૦૦ની સ્ટેમ્પ ડ્યુટી વાપરીને કરી શકાશે.

રૂ.૧ કરોડ સુધીની લોનની રકમ ઉપર મહત્તમ રૂ.૫,૦૦૦/-ની મર્યાદામાં સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ કરવાની રહેશે.

રૂ.૧૦ કરોડથી વધુ રકમની લોન અંગે કરવામાં આવતાં ગીરોખત/હાઈપોથીકેશનના ડોક્યુમેન્ટ ઉપર મહત્તમ રૂ.૮,૦૦,૦૦૦/-ની ડ્યુટીની હાલની જોગવાઈમાં વધારો કરીને તે રૂ.૧૫,૦૦,૦૦૦/- કરવામાં આવી છે. પરંતુ, એક કરતાં વધારે બેંકો પાસેથી જ્યારે લોન લેવામાં આવતી હોય તો તેવા કિસ્સામાં સરચાર્જ સિવાય મહત્તમ રૂ.૭૫,૦૦,૦૦૦/- સુધીની સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ કરવાની રહેશે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

વધારાની જામીનગીરીના કિસ્સામાં હવેથી ફિક્સ રૂ.૫,૦૦૦/-ની ડ્યુટી ભરપાઇ કરવાની રહેશે.

ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ કરી હોય તેવા કિસ્સામાં જો અરજદાર સામેથી ડ્યુટી ભરવા આવે તો ડોક્યુમેન્ટથી તારીખથી માસિક બે ટકાના દરે, પરંતુ મહત્તમ ખૂટતી ડ્યુટીની ચાર ગણી રકમ વસૂલ કરવામાં આવશે.

તે જ રીતે, સ્ટેમ્પ ડ્યુટીવની ચોરી જો તંત્ર દ્વારા પકડવામાં તો તેવા કિસ્સામાં માસિક ૩ ટકાના દરે પરંતુ મહત્તમ ૬ ગણી સુધી દંડની રકમ વસૂલ લેવાની જોગવાઇ કરવામાં આવી છે.

એક વર્ષથી ઓછા સમયગાળાના ભાડા પટ્ટાના ડોક્યુમેન્ટ ઉપર સરેરાશ વાર્ષિક ભાડાની રકમના 1%ની જગ્યાએ હવે રાજ્ય સરકારે રહેણાંક(રેસિડેન્સિયલ) માટે ફિક્સ રૂ.૫૦૦/- અને વાણિજ્ય(કોમર્શિયલ) માટે રૂ.૧૦૦૦/-ની ડ્યુટી ભરપાઇ કરવાની જોગવાઇ કરી છે.

ગીરોખતના કિસ્સામાં જો બેંકો/નાણાંકીય સંસ્થાઓ દ્વારા ડોક્યુમેન્ટ કરી તેના ઉપર સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ કરાવવામાં નહિ આવે, તો તેવા કિસ્સામાં આવા ડોક્યુમેન્ટ સંબંધે ડ્યુટી ભરપાઇ કરવાની જવાબદારી બેંકો/નાણાંકીય સંસ્થાઓની રહેશે.

ઉપરાંત, અસલ લેખ (ઓરિજિનલ ડોક્યુમેન્ટ)ની ગેરહાજરીમાં ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ કરી હોય તેવા ડોક્યુમેન્ટની નકલ ઉપર પણ ડ્યુટી વસૂલ કરી શકાશે તેવી જોગવાઇ પણ આ એક્ટમાં કરવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ની જોગવાઈઓમાં કરાયેલા આ સુધારા ઉપરાંત અન્ય સુધારા-વધારા પણ કરવામાં આવ્યા છે. આ ડ્યુટીમાં સુધારા વધારા મૂળ ડ્યુટી માટે કરવામાં આવેલા છે. તેમાં કાયદાની જોગવાઇઓ મુજબ વધારાની ડ્યુટી (સરચાર્જ) પણ લેવાપાત્ર થશે.

આના જોગવાઈઓથી ઉધોગકારો તેમજ હાઉસીંગ લોનધારકોને નાણાંકીય બોજમાં ઘટાડો થાય તેવો સરકારે પ્રયત્ન કર્યો છે.

વડીલોપાર્જિત મિલકતમાંથી હક્ક કમી કરવાના કિસ્સામાં ઉપસ્થિત થતાં અર્થઘટનના પ્રશ્નોના નિવારણ તથા કાયદાની જોગવાઈઓ સંબંધે ઉપસ્થિત થતાં કોર્ટ મેટર્સ-લીટીગેશન્સમાં ઘટાડો થાય તે માટે આ નવા સુધારા કરવામાં આવ્યાં છે.

सत्यमेव जयते
ગુજરાત સરકાર

ગરમી સામે સાવચેતી એ જ સલામતી

હીટવેવ સામે લડવા સજ્જ રહીએ, ગરમીમાં 'લૂ' લાગવાથી બચીએ

હીટવેવથી બચવા શું કરવું અને શું ન કરવું?

આટલું કરો

- તરસ ન લાગી હોય તો પણ યોગ્ય માત્રામાં પાણી પીવું
- શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ORS દ્રાવણ અથવા છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ અને નારિયેળ પાણીનો ઉપયોગ કરો
- ઘરની બહાર જતી વખતે માથાનો ભાગ કપડાં, છત્રી કે ટોપીથી ઢાંકી રાખો
- વજનમાં અને રંગમાં હળવા પ્રકારના સુતરાઉ વસ્ત્રો પહેરો
- આંખોના રક્ષણ માટે સનગ્લાસીસ અને ત્વચાના રક્ષણ માટે સનસ્ક્રીન લગાવો
- પ્રાથમિક સારવાર માટેની તાલીમ લો
- બાળકો, વૃદ્ધો, બિમાર વ્યક્તિ કે વધુ વજન ધરાવતા વ્યક્તિ કે જેઓ "લૂ"ના ભોગ બનવાની સંભાવના વધુ ધરાવે છે તેમની વિશેષ કાળજી રાખો

આટલું ન કરો

- શક્ય હોય ત્યાં સુધી બપોરના ૧૨ વાગ્યાથી ૪ વાગ્યા સુધી તડકામાં બહાર ન નીકળવું
- શરીરમાંથી પાણીનું પ્રમાણ ઘટાડે તેવા પીણાં જેવા કે ચા, કોફી, સોફ્ટ ડ્રિંક્સ ન લેવા
- મસાલેદાર, તળેલા, વધુ પડતા મીઠાવાળા આહારનો ઉપયોગ ટાળવો

લૂ લાગેલ વ્યક્તિની પ્રાથમિક સારવાર

- જો કોઈ વ્યક્તિને લૂ લાગી હોય તો પ્રાથમિક સારવાર માટે ભીના કપડાનો ઉપયોગ કરો અથવા તેના માથા પર પાણી રેડો
- શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઇ રહે તે માટે ORS દ્રાવણ અથવા લીંબુ પાણી આપો
- લૂ લાગેલ વ્યક્તિને તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર પર લઇ જવા
- જો શરીરનું તાપમાન સતત વધતું હોય, માથાનો અસહ્ય દુઃખાવો હોય, નબળાઇ હોય, ઉલટી થતી હોય કે બેભાન થઇ જાય તો તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવવી

સચેત રહો, સુરક્ષિત રહો





હેલ્પલાઈન નંબર-૧૦૭૭

ગુજરાત સરકાર દ્વારા જનહિતમાં જારી